# પરિવર્તન પામતાં ગુજરાતના આદિવાસી ગામો

## મલાવ (તા. ઉંમરગામ જી. વલસાડ)


અહેવાલ લેખન
ડૉ. ગૌરીશ પ્ર. પંડયા
ભીખાભાઈ સો. પટેલ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૯૦


282

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૧. | પ્રાસ્તાવિક: તપાસનો ઉદ્દેશ્ય અને તપાસ પધ્ધતિઓ | ૧ થી ૩ |
| ૨. | વિસ્તાર: વસ્તી અને ભૌતિકજીવન | ૪ થી ૧૬ |
| ૩. | વારલીઓમાં શિક્ષણ | ૧૭ થી ૨૧ |
| ૪. | ૧૯૭૦ અને ૧૯૮૦ની તુલનાત્મક સ્થિતિ | ૨૨ થી ૪૨ |
| ૫. | મલાવગામના પસંદ થયેલા વારલી કુટુંબોનો યથાસ્થિતિ અહેવાલ, ૧૯૮૯ | ૪૩ થી ૬૬ |
| ૬. | વારલીજાતિમાં દેખાતાં પરિવર્તનો અને સુચનો | ૬૭ થી ૭૧ |

| અ.નં. | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૧૫. | જમીન ધારણ શકિતમાં થયેલ ફેરફારો | ૩૨ |
| ૧૬. | જમીનના કદ પ્રમાણે અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક (રુપિયામાં) | ૩૩ |
| ૧૭. | સાધનવાર ૧૯૭૦ અને ૧૯૮૦ના વર્ષોમાં કુટુંબદીઠ વાર્ષિક આવક (રુપિયામાં) | ૩૪ |
| ૧૮. | જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ (રુપિયામાં) | ૩૬ |
| ૧૯. | જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ (રુપિયામાં) | ૩૭ |
| ૨૦. | ૧૯૭૦ અને ૧૯૮૦માં કરવામાં આવેલ કુટુંબદીઠ કુલ ખર્ચ (રુપિયામાં) | ૩૮ |
| ૨૧. | દેવાદાર કુટુંબો | ૪૦ |
| ૨૨. | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકત (રુપિયામાં) (૧૯૮૦) | ૪૨ |
| ૨૩. | ૧૯૮૯માં તપાસેલ કુટુંબોનું જમીનના કદ પ્રમાણે સ્ત્રોતવાર વર્ગીકરણ | ૪૩ |
| ૨૪. | નમૂનાના કુટુંબોના ઘરોના ક્ષેત્રફળ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૪૪ |
| ૨૫. | વારલી જાતિનાં નમૂનાનાં કુટુંબોના ઘરોની સ્થિતિ | ૪૫ |
| ૨૬. | નમૂનાના કુટુંબોનું જમીનનું કદ પ્રમાણે સભ્ય સંખ્યાનું વર્ગીકરણ | ૪૬ |
| ૨૭. | નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૪૭ |

| અ.નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૨૮. | નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનો વૈવાહિક દરજ્જો | ૪૮ |
| ૨૯. | નમૂનાના કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ | ૪૯ |
| ૩૦. | તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોની કયામત | ૫૦,૫૧,૫૨ |
| ૩૧. | જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું ખેતી અને પશુપાલનમાંથી થતા ઉત્પાદનની આવકનું પ્રમાણ | ૫૬ |
| ૩૨. | જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોની કુલ આવક, કુલ ખર્ચ ચોખ્ખી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો. | ૫૮ |
| ૩૩. | જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વપરાશી ખર્ચ ૧૯૮૯. | ૬૦ |
| ૩૪. | કુટુંબદીઠ આવક/વપરાશી ખર્ચની તુલના | ૬૧ |
| ૩૫. | જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોની દેવા વિષયક માહિતી દર્શાવતો કોઠો. | ૬૩ |
| ૩૬. | જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોએ કરેલ મૂડીરોકાણની માહિતી દર્શાવતો કોઠો-૧૯૮૯ | ૬૪ |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક: તપાસનો ઉદ્દેશ્ય અને તપાસ પધ્ધતિઓ

### પ્રાસ્તાવિક :

ભારતની વસ્તીમાં કેટલાંક જૂથો આર્થિક સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર ઘણા પાછળ રહી ગયા છે. આઝાદી મળ્યા પછી આવાં કેટલાક જૂથોના વિકાસ માટેની પ્રક્રિયા ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ પણ કરવામાં આવી છે. આમોના એક વર્ગને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. અનુસૂચિત આદિ-જાતિઓમાં ''આદિવાસી'' તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતની કુલ વસ્તીમાં ૭.૭ ટકા લોકો અનુસૂચિત જનજાતિના છે.

### તપાસના ઉદ્દેશ્ય :

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૧૪.૨૨ ટકા છે. તેમાં જુદી જુદી ૨૮ અનુસૂચિત જનજાતિઓનો વસવાટ ગુજરાતમાં છે. જેમાંથી ૧૦ જાતિઓ એવી છે કે જેની વસ્તી ૧ લાખ કરતા વધું છે. આવી એક લાખ કરતાં વધુ વસ્તી ધરાવતી અનુસૂચિત જનજાતિઓના સાંસ્કૃતિક અભ્યાસો હાથ ધરવાનું ૧૯૬૯માં નકકી કરી જે તાલુકામાં એક લાખ કરતાં વધુ વસ્તીવાળી જાતિઓ હોય તે તાલુકો પસંદ કરી તેનો સામાજિક આર્થિક અભ્યાસ કરવો તેવું ૧૯૭૦માં નકકી કરવામાં આવ્યું હતું. તે મુજબ 'વારલી' જાતિના અભ્યાસ માટે ૧૯૭૦માં ઉંબરગામ તાલુકાના ''મલાવ'' ગામની પસંદગી કરવામાં આવી હતી, ગામના સર્વેક્ષણની કામગીરી કરીને તેના પ્રાથમિક અહેવાલો લખાયેલા હતા. પરંતુ તેજ ગામ અને તેના તેજ કુટુંબોને ધ્યાનમાં લઈ વારલી જાતિમાં દસ વર્ષમાં આર્થિક-સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કેવું પરિવર્તન આવ્યું તેનો અભ્યાસ કરવાનું સુચન ૧૯૭૯-૮૦ના વર્ષમાં કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઈ નાયકે કર્યું તે મુજબ ૧૯૬૯-૭૦ના વર્ષમાં જે જે ગામોનો જે તે જાતિનો અભ્યાસ કર્યો હતો તેજ ગામને અને તેજ કુટુંબોને લક્ષમાં લઈ ૧૯૭૯-૮૦ના વર્ષમાં પુન: તપાસ હાથધરીને

..૨.

અહેવાલના ગાળા દરમ્યાન ૧૯૮૯-૯૦ના વર્ષમાં કેન્દ્રની સલાહકાર સમિતિ અને કેન્દ્રના નિયામકશ્રીની સુચનાથી ફરી તેના તેજ ગામોને ધ્યાનમાં લઈ વારલી જાતિમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક ઉપરાંત તે લોકોના જીવનધોરણ અને અસ્કયામતોમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા છે. ઉપરાંત સરકારશ્રીના છેલ્લા ત્રણ દાયકાના વિકાસના પ્રયત્નો પછી આ દિવાસી જાતિઓમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તેમની વ્યક્તિગત પરિસ્થિતિ, અસ્કયામતો વધી કે ઘટી. આ સિવાય શૈક્ષણિક ક્ષેત્રે અને રોજગારીની તકોમાં શું પરિવર્તન આવ્યું તે બધી બાબતોને ધ્યાનમાં લઈ ૧૯૮૯-૯૦ના વર્ષમાં ૧૯૬૯-૭૦ના વર્ષમાં તપાસમાં લીધેલા બધાજ ગામો અને જાતિઓના પુનઃ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવી એમ નકકી કરવામાં આવ્યું. તે પ્રમાણે ''વારલી'' જાતિનો અભ્યાસ આ વર્ષે હાથ ધરવામાં આવ્યો હતો.

<u>તપાસ પધ્ધતિઓ</u> :

આ તપાસ માટે ૧૯૭૯-૭૦માં મલાવ ગામમાં જે કુલ ૧૮૪ કુટુંબો હતાં, તેમાંથી ૧૭૯ કુટુંબો વારલી જાતિનાં અને ૩૩ કુટુંબો ધોડિયા જાતિના હતાં. બંને જાતિઓમાંથી ૩૩ ટકા પ્રમાણે નિયમિત અંકન પધ્ધતિ દ્વારા વારલી જાતિનાં ૪૬ કુટુંબો એન ધોડિયાજાતિનાં ૧૧ કુટુંબોને નમૂનાના અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યાં હતા. તેના તેજ કુટુંબોનો અભ્યાસ ૧૯૭૯-૮૦માં કરવામાં આવ્યો હતો. પરંતુ કેટલાક કુટુંબોના વડાઓના મૃત્યુ થવાથી અને કેટલાક કુટુંબો ગામ છોડી અન્ય જગ્યાએ મજૂરી માટે ચાલ્યાં ગયાં.હોવાથી તે કુટુંબોને છોડી દઈ વારલીના કુલ ૪૬ કુટુંબોમાથી હયાત ૩૩ કુટુંબો, અને ધોડિયાના ૧૧ કુટુંબોમાંથી હયાત ૯ કુટુંબોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેજ રીતે ૧૯૮૯-૯૦ના વર્ષમાં પણ ૧૯૭૯-૮૦ ના કુલ હયાત કુટુંબોમાંથી વારલીના ૧૭ કુટુંબો અને ધોડિયાજાતિના ૭ કુટુંબો જે હયાત હતા તેમનો સંપર્ક કરી અભ્યાસ હાથ ધર્યો હતો.

તપાસ પધ્ધતિઓમાં ૧૯૬૯-૭૦માં જે પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેજ પધ્ધતિઓ દ્વારા ૧૯૭૯-૮૦ અને ૧૯૮૯-૯૦માં પણ અભ્યાસ કર્યો હતો. નમૂનાના કુટુંબોના અભ્યાસ માટે વ્યક્તિગત મુલાકાત લઈ અભ્યાસ માટે તૈયાર કરાયેલી અનુસૂચિના ઉપયોગ કરી કુટુંબદીઠ અનુસૂચિ ભરવામાં

આવી હતી. વારલીજાતિના સામાજિક, આર્થિક અને રોજબરોજની પ્રવૃત્તિઓનો ઊંડાણપૂર્વક ખ્યાલ આવે તે માટે સહભાગી અવલોકન, મુલાકાત તથા એકમ અધ્યયન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ગામ વારલી જાતિના અભ્યાસ માટેજ પસંદ કરવામાં આવ્યું હતું છતાં ગામમાં વસતા ધોડિયા જાતિનો પણ સમાવેશ કરી શરુઆતમાં જે ૧૧ કુટુંબોને અભ્યાસમાં આવરી લીધા હતાં તેજ કુટુંબોને પુનઃતપાસમાં પણ જારી રાખ્યાં હતાં. છતાં મુખ્યત્વે આ અહેવાલમાં વારલી જાતિને કેન્દ્ર સ્થાને રાખી અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ- ૨

## વિસ્તાર: વસ્તી અને ભૌતિક જીવન

### ભૌગોલિક પરિસ્થિતિ :

ઉમરગામ તાલુકો વલસાડ જિલ્લાનો સૌથી દક્ષિણનો તાલુકો છે. ૧લી મે ૧૯૬૦માં જ્યારે ગુજરાત રાજ્ય મહારાષ્ટ્ર રાજ્યથી જુદું પડ્યું ત્યારે થાણા જીલ્લાના ઉમરગામ તાલુકામાંથી ૫૦ ગામો ગુજરાત રાજ્યના પારડી તાલુકામાં જોડાયાં હતાં. આ નવનિર્મિત વિસ્તારને ઉમરગામ તાલુકો નામ આપવામાં આવ્યું હતું.

ઉમરગામ તાલુકાની ઉત્તરે દમણ અને પારડી તાલુકો, દક્ષિણે થાણા જિલ્લો, પૂર્વે દાદરાનગર હવેલી અને થાણા જિલ્લાની સરહદ, પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. તાલુકાનો કુલ વિસ્તાર ૩૬૧ ચો. કિ.મી. નો છે. જેમાં પૂર્વ-પશ્ચિમ પહોળાઈ૨૪ કિ.મી. ની છે એટલે કે તાલુકાનો કુલ વિસ્તાર એકરમાં જોઈએ તો ૧૯૬૧માં ૯૧૭૦૬.૧૯ એકર, ૧૯૭૧માં ૮૯૨૯૫.૩૪ એકર, અને ૧૯૮૧માં ૯૦૪૯૦ એકરનો વિસ્તાર હતો.

ઉમરગામ તાલુકામાં ''કાળું'' અને ''વેરોળી'' નદીઓ મુખ્ય છે. તેમજ તાલુકામાં ઈન્દ્રગઢ, જોગખેડો, ટાલિયો અને લાકડિયા ડુંગરો આવેલા છે.

તાલુકાની આબોહવા દરિયાકિનારાને કારણે સમધાત છે. દરિયા-કિનારે ખારાપાટનાં મેદાનો છે તે સિવાય તાલુકાની પૂર્વ-ઉત્તરની જમીન ખાડા-ટેકરા અને ઢાળવાળી છે. તાલુકામાં સરેરાશ વરસાદ ૬૦ ઈંચથી માંડીને ૧૨૦'' સુધી થાય છે. તાલુકામાં વરસાદવાળા દિવસો જોઈએ તો જૂન માસમાં ૧૧ દિવસ, જુલાઈમાસમાં ૨૫ દિવસ, ઓગષ્ટ ૨૩ દિવસ, સપ્ટેમ્બર માસમાં ૫ દિવસ, ઓક્ટોબર અને નવેમ્બરમાં એક, બે દિવસ વરસાદ પડતો હોય છે.

૧૯૬૯-૭૦માં જ્યારે આદિવાસી ગામોની તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારે આ તાલુકામાં ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો. ૧૯૭૯-૮૦માં આ તાલુકામાં છેલ્લા એક દાયકામાં જુદાજુદા પ્રકારના અનેકવિધ ઉદ્યોગોનો વિકાસ થઈ ચૂકયો હતો. ૧૯૮૯-૯૦ના વર્ષ સુધીમાં તો આ વિસ્તારમાં બીજા ઘણા મોટા કદના ઉદ્યોગો કે જેમાં રંગરસાયણો,

..૫.

કેમિકલ, દવાઓ હોઝિયરી અને પ્લાસ્ટીક આદિનાં અનેક વિધ કારખાનાં થયેલ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં શાકભાજી, કેરી-ચીકુ નો પાક પણ સારો થાય છે. દરિયાકિનારાને કારણે મત્સ્ય ઉદ્યોગ અને મીઠાના ઉદ્યોગનો પણ સારો વિકાસ થયેલો જોવા મળે છે. છેલ્લા બે દાયકામાં ઉમરગામ તાલુકામાં વિકસેલા ઉદ્યોગોએ તાલુકાનું, જિલ્લાનું અને ગુજરાતનું નામ સમગ્ર એશિયામાં રોશન કર્યું છે.

ઉમરગામ તાલુકાની વસ્તી-વિસ્તાર અને સામાન્ય માહિતી અંગેની વિગતો નીચેના કોઠામાં દર્શાવી છે જેમાં ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ એમ તપાસના ત્રણે દાયકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આગળનો કોઠો જોતા ખ્યાલ આવશે કે ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ ઘરો અને કુટુંબોની સંખ્યા વધી છે. તાલુકાની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ પણ સતત વધતું રહ્યું છે. તાલુકાની કુલ વસ્તીમાં આદિવાસીઓની વસ્તી ૫૩.૩% થી વધીને ૫૫.૩% થઈ છે. એજ રીતે કુલ વસ્તીમાં ભણેલાઓની સંખ્યા પણ છેલ્લા બે દાયકાઓમાં વધવા પામી છે. જ્યારે કુલ કામ કરનારા અને કામ નહિકરનારાઓની સંખ્યામાં કામ કરનારની સંખ્યા ઘટવા પામી છે. જ્યારે કામ નહિકરનારની સંખ્યા વધી છે. એટલે કે કુટુંબમાં કમાનાર વ્યક્તિ ઉપર બીજા સભ્યોનું ભારણ વધ્યું છે.

ઉપર મુજબ તાલુકાની કુલ વસ્તીના સંદર્ભમાં જોયા પછી મલાવ ગામની કુલ વસ્તીના સંદર્ભમાં જોઈએ તો ગામમાં કુલ ઘરો અને કુલ કુટુંબોની સંખ્યામાં તપાસના ત્રણે તબક્કામાં વધારો થયો છે. ટૂંકમાં બે દાયકામાં મલાવ ગામમાં વસ્તી વધી છે. વસ્તી વધવાની સાથે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. પરંતુ કુલ કામ કરનારાઓની સંખ્યા ઘટી છે. જ્યારે બેકારોની સંખ્યામાં વધારો થયેલો જોઈ શકાય છે. નીચેના કોઠા પરથી છેલ્લા બે દાયકાના આંકડાઓ પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે.

## કોઠો

ઉંબરગામ તાલુકાનો વિસ્તાર, વસ્તી અને કામકરનારા/કામનહિ કરનારાઓની
વિગત દર્શાવતું પત્રક (૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧)

| અ.નં. | વિગત | વર્ષ ૧૯૬૧ પુરુષ | ૧૯૬૧ સ્ત્રી | ૧૯૬૧ કુલ | ૧૯૭૧ પુરુષ | ૧૯૭૧ સ્ત્રી | ૧૯૭૧ કુલ | ૧૯૮૧ પુરુષ | ૧૯૮૧ સ્ત્રી | ૧૯૮૧ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | તાલુકાનો કુલ વિસ્તાર (એકરમાં) | | ૯૧૭૦૬.૧૯ | | | ૮૯૨૯૫.૩૪ | | | ૯૦૪૯૦.૦૦ | |
| ૨. | કુલ ઘરો | | ૧૭૪૩૦ | | | ૧૯૫૨૧ | | | ૨૫૫૬૫ | |
| ૩. | કુલ કુટુંબો | | ૧૭૯૪૬ | | | ૨૦૮૪૬ | | | ૨૫૭૨૫ | |
| ૪. | તાલુકાની કુલ વસ્તી | ૪૬૭૩૧ | ૪૯૨૪૨ | ૯૫૯૭૩ | ૫૬૯૮૭ | ૫૯૮૭૯ | ૧૧૬૮૬૬ | ૭૦૪૫૬ | ૭૩૨૭૧ | ૧૪૩૭૨૭ |
| ૫. | અનુ.જનજાતિની વસ્તી | ૨૪૯૧૮ | ૨૬૨૩૫ | ૫૧૧૫૩ (૫૩.૩) | ૩૦૯૨૫ | ૩૨૯૫૯ | ૬૩૮૮૪ (૫૪.૭) | ૩૮૫૬૮ | ૪૦૮૫૭ | ૭૯૪૨૫ (૫૫.૩) |
| ૬. | કુલ ભણેલા | ૧૭૫૪૧ | ૭૩૭૨ | ૨૪૯૧૩ (૨૬.૦) | ૨૨૪૭૩ | ૧૦૭૯૮ | ૩૩૨૭૧ (૨૮.૫) | ૩૪૫૫૪ | ૧૯૩૫૦ | ૫૩૯૦૪ (૩૭.૫) |
| ૭. | કુલ કામકરનારા | ૨૫૨૦૮ | ૨૩૩૯૭ | ૪૮૬૦૫ (૫૦.૬) | ૨૯૨૬૩ | ૧૫૦૨૦ | ૪૪૨૮૩ (૩૭.૯) | ૩૬૦૧૦ | ૧૭૦૪૮ | ૫૩૦૫૮ (૩૬.૯) |
| ૮. | કામ નહિકરનાર | ૨૧૫૨૩ | ૨૫૮૪૫ | ૪૭૩૬૮ (૪૯.૪) | ૨૭૭૨૪ | ૪૪૮૫૯ | ૭૨૫૮૩ (૬૨.૧) | ૩૩૫૫૬ | ૪૬૯૦૦ | ૮૦૪૫૬ (૫૬.૦) |

## કોઠો

મલાવ ગામનો વિસ્તાર, વસ્તી અને કામકરનારા/કામનહિ કરનારાઓની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | વિગત | વર્ષ ૧૯૬૧ | | | | વર્ષ ૧૯૭૧ | | | | વર્ષ ૧૯૮૧ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગામનો કુલ વિસ્તાર (એકરમાં) | ૧૪૦૩.૦૬ | | | | ૧૪૦૩.૦૬ | | | | ૧૪૧૯.૦૦ | | | |
| ૨. | કુલ ઘરો | ૧૯૪ | | | | ૧૮૩ | | | | ૨૪૨ | | | |
| ૩. | કુલ કુટુંબો | ૧૯૪ | | | | ૧૯૨ | | | | ૨૪૨ | | | |
| | | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
| ૪. | કુલ વસ્તી | ૪૫૮ | ૫૦૨ | ૯૬૦ | | ૫૨૩ | ૫૮૬ | ૧૧૦૯ | | ૭૨૪ | ૭૭૨ | ૧૪૯૬ | |
| ૫. | કુલ આદિવાસી વસ્તી | ૪૫૦ | ૪૯૭ | ૯૪૭ | (૯૮.૭) | ૫૨૩ | ૫૮૬ | ૧૧૦૯ | (૧૦૦.૦) | ૭૧૩ | ૭૬૯ | ૧૪૮૨ | (૯૯.૧) |
| ૬. | કુલ ભણેલા | ૩૦ | ૨ | ૩૨ | (૩.૩) | ૯૮ | ૬ | ૧૦૪ | (૯.૪) | ૧૩૪ | ૧૨૬ | ૨૬૦ | (૧૭.૪) |
| ૭. | કુલ કામકરનારા | ૨૮૧ | ૩૦૨ | ૫૮૩ | (૬૦.૭) | ૩૧૦ | ૩૬૦ | ૬૭૦ | (૬૦.૪) | ૪૧૮ | ૧૭૦ | ૫૮૮ | (૩૯.૩) |
| ૮. | કામ નહિકરનારા | ૧૭૭ | ૨૦૦ | ૩૭૭ | (૩૯.૩) | ૨૧૩ | ૨૨૬ | ૪૩૯ | (૩૯.૬) | ૩૦૬ | ૬૦૨ | ૯૦૮ | (૬૦.૭) |

(પ્રાપ્તીસ્થાન: વસ્તી ગણતરી પુસ્તિકા ગુજરાત: ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧)

<u>મલાવગામ</u> :

મલાવ ગામ ઉંબરગામ તાલુકા મથકેથી ૧૮ કિ.મી.ના અંતરે આવેલું છે. તાલુકામાં કુલ ૪૯ ગામો આવેલાં છે. તાલુકાનું મલાવ ગામ ૧૯૬૦ સુધી જુના મુંબઈ રાજયના થાણા જિલ્લામાં હતું. આ ગામનું નામ ''મારલાવ'' નામના વારલી જાતિના આગેવાનના નામ પરથી પડેલું છે. અંગ્રેજોના સમયમાં આ આગેવાને અંગ્રેજોને ઘણો સાથ અને સહકાર આપી ખુશ કર્યા હતા. જેના બદલામાં આ ગામ ''મારલાવ''ને ભેટ તરીકે આપી દીધેલ. શરુઆતમાં સંજાણના પારસીઓએ ધીરે ધીરે આખા ગામની જમીનો દારુ અને અનેક બીજાં પ્રલોભનોથી હડપી લીધી હતી. ગામનાજ લોકોને ગણોતિયા બનાવી તેમના પાસે જમીનમાં મજૂરી કરાવતા હતાં. પારસીઓના વસવાટ બાદ ગામનું નામ ''મારલાવ'' બોલવામાં અનુકૂળતા ન પડતાં પાછળથી ''મલાવ'' થઈ ગયું.

મલાવ ગામ સંજેલી, ભિલાડ, રસ્તા ઉપર ભિલાડથી દક્ષિણે ૪ કિ.મી. અને સંજાણથી ઉત્તરે ૭ કિ.મી. ના અંતરે આવેલું છે. જે બસ સેવાઓથી સંકળાયેલ છે. જયારે ગામથી ૧ કિ.મી.ના અંતરે પૂર્વમાં અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ આવેલો છે. મલાવગામની જૂથ પંચાયત નંદીગામ-તલવાડ-મલાવ અને ભિલાડ એમ ચાર ગામોને આવરી લે છે. ગ્રામ પંચાયત કચેરી ભિલાડ, માનબાગ હાઈવે નં.૮ની બાજુમાં આવેલ છે.

મલાવગામ જુદા જુદા સાત પાડાઓમાં વહેંચાયેલું છે. દરેક પાડા વચ્ચે અડધા કિ.મી. કરતાં વધારે અંતર છે. ''માનપાડા'' માનપાડાનો વિસ્તાર લગભગ દોઢ ચો.કિ.મી. જેટલો છે. જે ભિલાડ-સંજાણ રોડની બંને બાજુ વહેંચાયેલો છે. ''સામરપાડા'' અમદાવાદ મુંબઈ રેલ્વેમાર્ગની પૂર્વમાં આવેલું છે. એકલું માનપાડા ફળિયું અલગ પડી જાય છે. ''પારસીવાડા'' સામરપાડાથી અડધા કિ.મી.ના અંતરે મલાવ-નંદીગામની પૂર્વ અગ્નિ દિશાએ આવેલું છે. ''જહાંગીરપાડા'' મલાવ ગામનું છેવાડાનું ફળિયુ છે. જ્યાં ડુંગરી વિસ્તાર આવેલો છે. ''ડુંગરીપાડા'' ફળિયું મલાવ મુખ્ય ગામની પૂર્વે આવેલું છે ત્યાં જવા માટે ખાડી ઉપરવી પડે છે. ચોમાસામાં તો વરસાદને કારણે આ ફળિયા સાથેનો વ્યવહાર બે-ત્રણ દિવસ સુધી જયારે જયારે વરસાદ હોય ત્યારે બિલકુલ છૂટી જાય છે. 'પટેલપાડા'એ

ફુઆરીફળિયાની દક્ષિણે આવેલું છે જે એક પટ્ટીમાં પથરાયેલ છે. ''ધોડીપાડા'' એ સામરપાડા નજીકનું ફળિયુ છે. જયાં ધોડિયા જાતિની મુખ્ય વસ્તી છે. બાકીના ઉપરના દરેક પાડાઓમાં વારલીઓની વસ્તી છે. પાડાઓના નામ પરથીજ લાગે છે કે ગામમાં પારસીઓનો વસવાટ હશે. અત્યારે તો માત્ર એક પારસીનું ઘર છે. પહેલાં આ ગામમાં વાણિયાઓની પણ વસ્તી હતી, જેઓ બીજે ચાલ્યા ગયા છે. ગામની જમીનોનો રેકર્ડ જોતાં લાગે છે કે પહેલાં ગામની મોટાભાગની જમીનો વાણિયા અને પારસીઓ પાસે હતી. જેમાંથી ગણોતધારામાં કેટલીક જમીનો અહીના આદિવાસીઓને સોંપાઈ અને બાકીની હજુપણ પારસીઓના નામે ચાલે છે.

મલાવ ગામમાં ૧૯૬૯-૭૦ની તપાસ વખતે કુલ ૧૭૯ કુટુંબો હતાં, જેમાંથી ૧૪૦ કુટુંબો વારલી, ૩૩ કુટુંબો ધોડિયા, ૫ કુટુંબો હળપતિઓ અને એક કુટુંબ પારસીનું હતું. ૧૯૮૯-૯૦ની તપાસ વખતે ગામમાં કુલ ૩૨૨ કુટુંબો હતા. જેમાં વારલી જાતિનાં ૨૫૮, ધોડિયા જાતિનાં ૬૧, હળપતિ ૨ અને અન્ય ૩ કુટુંબોનો સમાવેશ થતો હતો.

ગામનું ક્ષેત્રફળ ૧૯૭૧માં ૧૪૦૩ એકરનું હતું. જેમાં ૬૨૫ એકર જંગલ, ૭૬ એકર જમીન ખેડાણમાં ઉપયોગમાં ન લઈ શકાય તેવી, ૭૪ એકર જમીન પડતર અને ગૌચર છે. બાકીની જમીન ખેડાણ હેઠળ છે. ખેડાણના ઉપયોગમાં લઈ શકાય તેવી જમીનો પણ સપાટ ન હોઈ, કોતરો અને ઢાળવાળી છે.

<u>વસ્તી</u> :

વલસાડ જિલ્લાના ઉંબરગામ તાલુકામાં આદિવાસીઓની વસ્તી ૧૯૬૧માં ૫૧૧૫૩ હતી. ૧૯૭૧માં આ વસ્તી વધીને ૬૩૮૮૪ જેટલી થઈ હતી. જયારે ૧૯૮૧માં આ વસ્તી વધીને ૭૯૪૨૫ની થઈ હતી. જેમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ જોવા મળી હતી.

એજ રીતે મલાવગામની વસ્તી તપાસના વર્ષોમાં આ પ્રમાણે હતી.

| | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|
| પુરુષો | ૪૫૮ | ૫૨૩ | ૭૨૪ |
| સ્ત્રી | ૫૦૨ | ૫૮૬ | ૭૭૨ |
| કુલ | ૯૬૦ | ૧૧૦૯ | ૧૪૯૬ |

મલાવ ગામની તપાસ દરમ્યાન ૧૯૭૦ના વર્ષમાં કુલ ૫૭ કુટુંબોને અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યાં હતાં. તેમાંથી ૧૯૮૦માં તેજ કુટુંબોનો અભ્યાસ કરતાં કુલ વારલીના ૪૬ કુટુંબોમાંથી ૩૩ અને ધોડિયાના ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનોજ સંપર્ક સાધી શકાયો હતો એટલે કે કુલ ૫૭ કુટુંબો માંથી ૪૨ કુટુંબો હયાત હતાં. ૧૯૮૯-૯૦ની તપાસ વખતે કુલ ૪૨ કુટુંબો-માંથી ૨૪ કુટુંબોનો સંપર્ક શાધી શકાયો હતો. જેમાં ૧૭ વારલી જાતિનાં અને ૭ ધોડિયા જાતિના કુટુંબો હયાત હતાં. કેટલાક કુટુંબોનાં મુખ્ય માણસો મૃત્યુ પામ્યા હતા તો કેટલાક કુટુંબો મજૂરીની શોધમાં અન્ય જગ્યાએ ગયેલા માલુમ પડયા હતાં. તેમજ કેન્દ્રિય કુટુંબો વધતાં જતાં હોવાથી કુટુંબોના વિભાજનો થતાં રહે છે. જેથી કુલ કુટુંબોની સંખ્યા વધેલી જોવા મળે છે.

<u>ભૌતિક સંસ્કૃતિ</u> :

૧૯૬૯-૭૦, ૧૯૭૯-૮૦ અને ૧૯૮૯-૯૦માં મલાવગામની તપાસ વખતે ભૌતિક-સંસ્કૃતિ-અંગોની વિગતોમાં ઘર, ઘરવખરી, વાસણો, શિકારનાં સાધનો, સંગીતના સાધનો,હથિયારો, પહેરવેશ, ખોરાક અને પીણાં, ઘરેણાં વગેરે બાબતોને ઝીણવટથી ચકાસવામાં આવી હતી. આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં છેલ્લા બે દાયકાનું ચિત્ર સ્પષ્ટ જોઈ શકાય છે.

<u>ઘર</u> :

મલાવ ગામનો વિસ્તાર લગભગ ત્રણ કિ.મી.ના વિસ્તારમાં જુદા જુદા સાતપાડાઓમાં વહેંચાયેલો છે. દરેક પાડામાં ઘરો છૂટા-છવાયા અને એકબીજાથી દૂર જોવા મળ્યા હતા. દરેક ઘરોની દિવાલો અલગ અલગ જોઈ શકાય છે. ઘરો એક હરોળમાં હોતા નથી પરંતુ આખા એક પાડામાં છૂટાં-છવાયાં બાંધેલા હોય છે.

વારલી લોકો ઘરબાંધવા માટે સ્થાનિક જંગલમાંથી મળતાં લાકડાંનો ઉપયોગ કરે છે. જયારે ઘરપરના છાજમાં દેશી નળિયાં કે ઘાસનો ઉપયોગ કરે છે. ગામમાં વસતા ધોડિયાઓનાં ઘરો પર વિલાયતી નળિયાઓનું છાજ જોવા મળ્યું હતું.

ઘર બનાવતી વખતે વારલીઓ સૌ પ્રથમ વચ્ચેનો એક થાંભલો ઉભો કરે છે ત્યારે દેવની વિધિ કરવામાં આવે છે. હાલમાં પણ લોકો આ પૂજાવિધિ કરે જ છે. આ વિધિ સુથાર કરે છે જેને ''થાંભલી મુરત'' કહેવામાં આવે છે. થાંભલી મુરતમાં ખાડામાં થાંભલો ઉભો કરી, જમીન પર થાંભલાની નજીકમાં ચોખા મૂકી તેના પર પાણીથી ભરેલો માટીનો ઘડો મૂકવામાં આવે છે. આ ઘડા ઉપર આંબાના પાન ઊભાં મૂકી પાનની વચ્ચે નાળિયેર મૂકવામાં આવે છે આ ઘડામાં રુપિયો-સવા રુપિયો નાખે છે. ઘડાની બાજુમાં દીવો કરવામાં આવે છે. અને થાંભલીને હળદર, સિંદુર લગાવી ઉપર એક કોરું ધોતિયું બાંધવામાં આવે છે. આ ધોતિયામાં ચોખા અને ચાર આના મૂકવામાં આવે છે. કેટલીક જગ્યાએ થાંભલાના ઉપરના છેડે છત્રી ખુલ્લી રાખી બાંધે છે. ત્યારબાદ મરઘું વધેરવામાં આવે છે. હાજર રહેલાંઓને દારુ કે તાડીની હાક પાડી બધાંને પીવડાવે છે. આ ધોતિયું અને તેમાં બાંધેલ ચોખા તેમજ પૈસા સુથાર લઈ લે છે. સુથાર પણ વારલી જાતિનોજ સુથારી કામ શીખેલ વ્યક્તિ હોય છે.

ઉપર મુજબ પ્રથમ મુરતની થાંભલી રોપ્યાબાદ ઘરમાટેના જરુરી થાંભલા ઊભા કરવા ચારે બાજુ અને વચ્ચે જેટલા થાંભલા ઊભા કરવા હોય તેટલા ખાડા તૈયાર કરી તેમાં થાંભલા ઊભા કરી દેવામાં આવે છે. ત્યારબાદ વચ્ચેના મોભનો મોટો થાંભલો જેને વારલીઓ ''દોરીઓ'' કહે છે તે ઊભા કરેલા થાંભલાઓ ઉપર આડો નાંખવામાં આવે છે. આ મોભનો થાંભલો નાખતાં પણ દેવની પૂજા વિધિ ઉપર મુજબ કરવામાં આવે છે. જેને ''વળદિયુ ચડે'' કહે છે. ઘર બાંધવાની શરૂઆતમાં અને ઘરની બાંધણી પૂરી થતાં દેવની વિધિ કરવામાં આવે છે. પૂજા વિધિ કર્યાબાદ ઘર ઉપર વળીઓ મૂકી નળિયાં કે ઘાસનું છાજ નાંખવામાં આવે છે. ચારેબાજુની દિવાલો બરુ કે જે જુવારની સાંઠીઓથી બનાવે છે. બરુ કે જુવારની સાંઠીઓ વરસાદમાં ભીંજાવાથી બે-ત્રણ વર્ષે બદલી નાખતા હોય છે. તેવીજ રીતે છાજ પણ જો ઘાસનું હોયતો તે પણ બે-ત્રણ વર્ષે બદલતા હોય છે.

ઘરની અંદરના ભાગમાં રાંધવાની જગ્યા અને અનાજ કે અન્ય વસ્તુઓ મૂકવા માટે નાના નાના ઓરડાઓ બનાવવામાં આવે છે. વારલીઓના ઘરોમાં મોટાભાગે એક કે બે ઓરડાઓ હોય છે. વારલી જાતિની ૧૯૭૦-,

૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસ વખતે મોટેભાગે બે થી ત્રણ ઓરડાવાળા ઘરોની સંખ્યા વધુ જોવા મળી હતી. તેમના ઘરો પણ ખૂબ નાનાં ૧૫'x૧૫' થી માંડીને ૨૫'x૨૫' ફૂટના ક્ષેત્રફળવાળાં જોવા મળ્યાં હતાં. ઘરમાં હવા ઉજાસ માટે બારીઓ મૂકવામાં આવતી નથી. બરુ કે જુવારના સાંઠાની દિવાલો હોવાથી હવા અને પ્રકાશ આવ્યા કરે છે. વારલીઓના દરેક ઘરોને લાકડાનાં બારણાં હોતાં નથી. પરંતુ પાતળાં લાકડાં અથવાતો પતરાનાં (ડબ્બાના) કમાડ નાનાં નાનાં બનાવેલ હોય છે. વારલીઓ પોતાના પશુઓને બાંધવા અલગ છાપરી કે કાંઢીયું બનાવતા નથી. કોઈજ ઘરની બાજુમાં નાની છાપરી જેવું હોય છે. કેટલાંક કુટુંબો ઢોરને ઘરમાં જ બાંધે છે. કોઈક-કોઈક ઘરની આગળ ઘરની સામે ચાર મોટી થાંભલીઓ રોપીને માંડવા જેવું બનાવેલ હોય છે. જેના પર ઘાસ નાખવામાં આવે છે.

<u>ઘરવખરી</u> :

વારલીઓમાં ઓછામાં ઓછી જીવન-જરુરિયાતની વસ્તુઓ તપાસના ત્રણે વર્ષોમાં જોવા મળી હતી. ઘરવખરીમાં મોટેભાગે દરેક કુટુંબો પાસે એલ્યુમિનિયમ, પિત્તળ અને માટીનાં વાસણો જોવા મળ્યાં હતાં. વધુ પ્રમાણમાં એલ્યુમિનિયમના વાસણોનો વપરાશ થતો હતો. માટીનાં વાસણો તો દરેક ઘરમાં જોવા મળે. કાંસા કે સ્ટીલનાં વાસણો એકપણ ઘરમાં જોવા મળ્યાં ન હતાં. શરુઆતમાં ઘરવખરીની અન્ય વસ્તુઓ જેવી કે ખાટલા, જાળ, ફર્નિચર, ફાનસ, ચીમની કે મોજશોખામં સાધનો પણ ભાગ્યેજ જોવા મળતાં. ૧૯૮૯-૯૦ની પુનઃ તપાસ વખતે જો કે ઘરવખરીની ચીજોમાં ઘણો સુધારો-વધારો થયો હતો.

વારલી જાતિની તપાસ વખતે ૧૯૬૯-૭૦ના વર્ષમાં ઘરવપરાશની વસ્તુઓની દ્રષ્ટિએ જોતા ઘણી ઓછી વસ્તુઓની જીવન વહેવાર ચલાવતા હતા. તેમાંય આવશ્યક ચીજ-વસ્તુઓ તો દરેક ઘરમાં જોવા મળી ન હતી. ૧૯૭૦ની તપાસ વખતે વારલીના ૪૬ કુટુંબોમાંથી ઘંટી દરેક ઘરમાં જોવા મળી ન હતી. એજ રીતે ખાટલા કે ઓઢવા-પાથરવાનું પણ નહતું. બે દાયકા પહેલાં કંતાન કે કોથળા નીચે નાખી વચ્ચે લાકડાં સળગાવી આસપાસ કુટુંબના સભ્યો આગની ગરમીમાં સૂઈ રહેતાં. શિયાળા-ઉનાળામાં કે ચોમાસામાં માછલી પકડવા બધાંજ કુટુંબો જતાં હોવા છતાં જાળનો ઉપયોગ

જવલેજ કરતા, તેના બદલામાં વાંસની ચીપો કાઢી તેને ગૂંથીને જાળ જેવું બનાવી તેનો ઉપયોગ કરતા. સ્ત્રીઓ સમૂહમાં માછલી પકડવા જતી. સાડીને બે બાજુથી પાણીના પ્રવાહમાં પકડી રાખવામાં આવતો જેથી પાણી વહી જાય અને માછલી હોય તો અંદર રહી જાય.

<u>શિકારનાં સાધનો</u> :

વારલીઓ પાસે શિકારનાં આગવાં સાધનોમાં માછલી પકડવાની નાની-મોટી જાળ સિવાય કોઈ ખાસ સાધનો તેમની પાસે ન હતાં. હાલમાં પણ શિકારનાં સાધનો નહિવત જોવા મળે છે. નાના બાળકો પક્ષીઓને મારવા ગીલોલનો ઉપયોગ કરે છે. આ સિવાય જંગલમાં જે તે જગ્યાએ જંગલી જાનવરોને ફસાવવાનાં ફાંસા ગોઠવવામાં આવતા જેથી આ ફાંસામાં હરણ, શિયાળ, સસલું, લોંકડી વગેરે આવતાં ફસાઈ જતાં જેને પકડીને લઈ આવતા. હવે તો આવા શિકારનું પ્રમાણ ઘણું ઓછું છે. મુખ્યત્વે માછલી પકડવા તેઓ જાય છે.

<u>સંગીતના સાધનો</u> :

લગ્ન પ્રસંગે અને વાર-તહેવારોએ નાચગાન માટે વગાડવામાં આવતાં સાધનોમાં નાની ઢોલકી, શરણાઈ કે માદળ હોય છે. જે વગાડવાવાળા જુદા જ હોય છે. ખાસ લગ્ન પ્રસંગોમાં વાજીંત્રો સાથે બે-ત્રણ દિવસ ત્યાંજ રહીને વગાડે છે. આજ સાધનોનો દરેક તહેવારોમાં ઉપયોગ કરી નાચગાન કરે છે. કેટલાક નાના બાળકો વાંસમાંથી વાંસળી બનાવી વગાડતા હોય છે.

<u>ધાર્મિક સાધનો</u> :

વારલીઓમાં ધાર્મિક સાધનોમાં મુખ્યત્વે દેવની ''ગાગડી'' એ નામનું વાજીંત્ર છે કે જેને અમુક પ્રસંગોએજ વગાડવામાં આવે છે. આ સિવાય દેવની ટોપલી (વાંસમાંથી બનાવેલી) કે જેમાં નાની નાની મૂર્તિઓ મૂકી રાખે છે. ઉપરાંત નાની નાની ચાંદીની કે પતરાની મૂર્તિઓ, મોરનાં પીછાં, લીમડાનાં પાન કે અન્ય ઝાડના પાનમાંથી ઝાપટ માટે બનાવેલ ઝાડું, દેવની લાકડી વગેરે ધાર્મિક સાધનો જોવા મળે છે. હજુ પણ ભગત-ભૂવાના ઘરોમાં આ સાધનો અવશ્ય જોવા મળશેજ.

હથિયારો :

ગુજરાતના આદિવાસીઓમાં ભિન્ન પ્રકારનાં હથિયારો જોવા મળે છે. ગરાસિયા, ભીલો, રાઠવા વગેરે જાતિઓ પાસે ધારિયું, તીર કે તલવાર અને કેટલાક કુટુંબો પાસે બંદૂક જેવાં હથિયારો જોવા મળશે. જ્યારે વારલીઓ પાસે કુહાડી કે દાતરડુ જેવાં સાધનો હથિયાર તરીકે વાપરતાં જોવા મળે છે.

પહેરવેશ :

ઉંબરગામ તાલુકાના વારલીઓ પારસીઓના તેમજ બહારના લોકોના સંપર્કથી તેમજ અવાર નવાર ઘાસની મજૂરી માટે મુંબઈ જતા હોવાથી પરંપરાગત પહેરવેશમાં ૧૯૬૫ પછી અનેકપ્રકારનાં પરિવર્તનો જોવા મળે છે. નાની ઉંમરના બાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. કેટલાક બાળકો એકલી ચડ્ડી કાંતો ઝભ્ભુ જ પહેરેલા અર્ધ નગ્ન જોવા મળે છે. મોટી ઉંમરના બાળકો ચડ્ડી, બુશર્ટ, કેટલાક લેંગો બુશર્ટ તો કેટલાક પેન્ટ-બુશર્ટ પહેરે છે. મોટી ઉંમરના પુરુષો હજુ પણ લંગોટી અને બંડી પહેરે છે.

સ્ત્રીઓમાં સાડી અને કબજો બટનવાળો પહેરે છે. સાડીના બે ભાગ કરી અડધી સાડી કેડથી નીચેના ભાગમાં કછોટો મારી પહેરે છે. જેને ''લુગડુ'' કહેવાય છે. જ્યારે અડધી સાડી માથે ઓઢે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ બટનવગરનો કબજો પહેરે છે. જેના બે છેડા પાછળથી ગાંઠ મારી બાંધી દે છે. જેને ''ડગલી'' કહેવામાં આવે છે. યુવાન છોકરીઓ ચણીયા, કબજા અને અંદરની બોડીસનો પણ ઉપયોગ કરે છે. આ સિવાય સૌંદર્ય પ્રસાધનોમાં પાવડર, ચાંલ્લા, રીબીન, માથામાં નાખવાના અંબોડા, પીનો, ચાંપો અને ચીપીયાનો ઉપયોગ કરે છે.

ઘરેણાં :

વારલી પુરુષો કાનમાં ગોળ કડીઓ કેટલાક પહેરે છે. આ સિવાય કોઈ ખાસ ઘરેણાં જોવા મળતાં નથી. લગ્ન પ્રસંગે નવરાને(લાડો) ગળામાં ઘરેણાં પહેરાવે છે.

સ્ત્રીઓ ઘરેણાંની શોખીન હોય છે. પહેલા ઘરેણાંમાં ચાંદી, નિકલ કે રુપાનાં ઘરેણાં પહેરતી હતી. મોટી ઉંમરની વારલી સ્ત્રીઓ પણે પિત્તળનાં

ઘરેણાં પહેરતી, જેમ હાલમાં મારવાડી સ્ત્રીઓ હાથમાં કાંડાથી કોણી સુધી ઘરેણાં પહેરે છે. તેમ વારલી સ્ત્રીઓ પગમાં ઘૂંટણથી ઢીંચણના નીચેના ભાગ સુધી પહેરતી હતી. હાલમાં જો કે ભાગ્યેજ આ રીતે પહેરે છે. હવે તો તેમાં પણ પરિવર્તન જોવા મળે છે.

હાથમાં : કડાં, કાચની બંગડીઓ.

પગમાં : દોરલા કે સાંકળાં (ચાંદીના/રૂપાના)

ગળામાં : ગાઢી, કાળામણકાની તેમજ વિવિધ મણકાની માળાઓ પહેરે છે. તેમાંય લગ્ન થયું હોય તેજ સ્ત્રીના ગળામાં કાળીગાઢી જોવા મળે છે. આ સિવાય ગાંઠલા-ચાંદીના રુપિયાને સાંકળીમાં મઢીને પહેરે છે.

નાકમાં : ફૂલી અથવા ચાંદીની વાળી.

કાનમાં : કાનની બુટમાં ''લવીંગીયાં'' કાનના ઉપરના ભાગમાં ''મની'' કે પાનવાળી પહેરે છે. સ્થિતિપાત્ર કુટુંબમાં સોનાની વાળીઓ કે ચાંદીના લવીંગીયાં જોવા મળે છે.

કાંડામાં : ''લેરીયું', પાંચી પહેરે છે.

હવે તો બજારમાંથી મળતાં જાડા ઘરેણાંનો વિશેષ ઉપયોગ કરતા હોય છે.

<u>ખોરાક</u> :

વારલીઓનો મુખ્ય ખોરાક ભાત, માછલી, રોટલા, તુવેરનીદાળ, જુવારનું ભૈડકું, ચોખાના રોટલા અને શાકભાજી છે. આ સિવાય પ્રસંગોપાત અને વાર તહેવારે મરઘું, બકરું માંસ ખાય છે. વારલીઓ સવારે મોટે ભાગે રોટલા-મરચું અને બપોરે નાગલી, જુવાર કે ચોખાનો રોટલો અને દાળ-શાક, સાંજે ભાતની રાબ કે ભાત માછલી ખાય છે.

<u>પીણાં</u> :

વારલીઓ આ વિસ્તારમાં ખજૂરીનાં ઝાડ પુષ્કળ હોવાથી 'તાડી' ખૂબ પીએ છે. સામાજિક-ધાર્મિક પ્રસંગોએ દારુ-તાડી બંનેનો ઉપયોગ કરે છે. કેટલાક કુટુંબોમાં રોજ દારુનો પીણાં તરીકે ઉપયોગ કરે છે. બીડી એ જાતે

..૧૬.

બનાવીને પીએ છે. વારલીઓ ટીમરુંપાન અને તમાકુ સાથેજ રાખે છે. જેથી જયારે પણ બીડી પીવી હોય ત્યારે તરત બનાવીને પીવે છે. આ સિવાય આ વિસ્તારમાં હમણાં ચ્હાનું પ્રમાણ પણ વધતું જાય છે.

ગુજરાતના આદિવાસીઓમાં વારલીઓની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ છે. જેમના સાંસ્કૃતિક જીવનની ભાત અનેરી દ્રષ્ટિગોચર થાય છે. વારલીઓના ભૌતિક જીવનમાં છેલ્લા બે-અઢી દાયકામાં અનેક ઘણુ પરિવર્તન પણ જોવા મળે છે.

## પ્રકરણ - ૩
## વારલીઓમાં શિક્ષણ

**શિક્ષણ :**

મલાવ ગામમાં ૧૯૬૯ની તપાસ વખતે ગામમાં માત્ર ધોરણ ૧ થી ૩ સુધીની શાળા હતી. ૧૯૭૯ વખતે આ શાળામાં ૧ ધોરણ વધારીને ધો.૧ થી ૪ સુધીની શાળા બનાવવામા આવી હતી. આજે પણ ગામમાં ૧ થી ૪ ધોરણ સુધીની શાળા છે. ૧૯૮૯ની તપાસ વખતે ગામમા માનપાડામા ધો.૧ થી ૪ સુધી, સામરપાડા મુખ્ય શાળામાં ધો.૧ થી ૪ સુધી અને ડુંગરીપાડામાં ધોરણ ૧ થી ૩ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. જો કે ગામમાં મુખ્ય શાળાનું મકાન જર્જરીત અવસ્થામાં છે. શાળાના બાળકો સરપંચના આંગણામાં ભણવા બેસે છે. ડુંગરીપાડામા પણ બાળકોને ઝાડ નીચે બેસાડવામાં આવે છે. ગામમાં બાળકોને ભણવાનો થોડો રસ જાગ્યો છે. પરંતુ શાળાના મકાનની સુવિધાના અભાવે તેમજ ગામનો વિસ્તાર ખૂબ મોટો હોવાથી, દરેક પાડા વચ્ચે ખૂબ અંતર હોવાથી, ગામની વચ્ચે પણ કોતર ઓળંગીને શાળામાં જવું-આવવું પડતું હોવાથી નાના-નાના બાળકોને શાળાએ જવા આવવાની ખૂબજ મુશ્કેલી પડે છે.

ધોરણ ૧ થી ૪ સુધીનું શિક્ષણ ગામમા જે બાળકો પૂરું કરે છે તેમને આગળ ભણવા માટે બાજુના ગામોમા જરોલી, સરીગામ કે ભિલાડ જવું પડે છે. ગામમાં રસ્તાના અભાવે અને ચોમાસાના સમયે ખાસ તો પાણી ભરાઈ જવાથી બાળકો બાજુના ગામમાં તો શું પણ ગામની શાળામાં પણ આવી શકતાં નથી.

શિક્ષણની બાબતમાં બાળકોનાં માતા-પિતા પણ તેમની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ધોરણ ૪ પછી બાળકને શાળાએ મોકલવાનું બંધ કરે છે. બાળકને ભણવાની ઈચ્છા હોવા છતાં તેનાં મા-બાપ બાળકને કહે છે કે '' ભાઈ પૈહાની મળે એટલે ની ભણવાનું'' આ રીતે બાળકોના ઉત્સાહને ભાંગી નાખે છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હોવાનું કારણ તેમની આર્થિક પરિસ્થિતિ છે. ગામમાં શિક્ષણની બાબતમા ગામ લોકો કે આગેવાન સરપંચને કોઈ રસ દેખાતો નથી.

૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે મલાવ ગામમાં કુલ વસ્તી (૪૫૮ પુરુષો અને ૫૦૨ સ્ત્રીઓ) માંથી માત્ર ૩૦ પુરુષ અને ૨ સ્ત્રીઓ ભણેલી હતી. ૧૯૭૧માં કુલવસ્તીમાંથી (૫૨૩ પુરુષ અને ૫૮૬ સ્ત્રીઓ) ૯૮ પુરુષો અને [illegible] સ્ત્રીઓ ભણેલી હતી. જયારે ૧૯૮૧ની વસ્તી ગણતરી વખતે કુલ (૭૨૪ પુરુષો અને ૭૭૨ સ્ત્રીઓ ) વસ્તીમાંથી ૧૩૪ પુરુષો અને ૨૬ સ્ત્રીઓ ભણેલી હતી.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસ વખતે શાળામાં જતાં બાળકોની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબની હતી.

કોઠો

શાળામાં જતાં બાળકોની સંખ્યા

| ધોરણ | વર્ષ ૧૯૬૯ | | | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ |
| ૧. | ૧૯ | ૧૨ | ૩૧ | ૩૪ | ૧૦ | ૪૪ | ૪૬ | ૨૪ | ૭૦ |
| ૨. | ૧૧ | ૧ | ૧૨ | ૨૯ | ૮ | ૩૭ | ૨૮ | ૧૮ | ૪૬ |
| ૩. | ૨ | - | ૨ | ૧૧ | ૪ | ૧૫ | ૨૬ | ૨૦ | ૪૬ |
| ૪. | - | - | - | - | - | - | ૨૪ | ૧૧ | ૩૫ |
| કુલ | ૩૨ | ૧૩ | ૪૫ | ૭૪ | ૨૨ | ૯૬ | ૧૨૪ | ૭૩ | ૧૯૭ |

ગામની શાળામાં ૧૯૬૯ થી ૧૯૭૯ના દાયકા દરમ્યાન માત્ર ધોરણ ૩ સુધીનીજ શાળા હતી જેમાં ભણતા બાળકોની સંખ્યા બમણી થઈ હતી. ૧૯૮૯ની તપાસ વખતે ગામમાં બે ફળિયામાં ધોરણ ૧ થી ૩ ના વર્ગો નવા ચાલુ કરવામાં આવ્યા હતા. અને ગામમાં ભણતા બાળકોની સંખ્યા વધીને ૧૯૭૯થી ૧૯૮૯ના દાયકામાં પણ બમણી થઈ હતી. જેમાં છોકરીઓની સંખ્યા છેલ્લા દાયકામાં ત્રણ ઘણી કરતાં વધી હતી, જે ઉપરના કોઠામાં જોઈ શકાય છે.

૧૯૮૯ની તપાસ વખતે ગામમાં જુદા જુદા પાડાઓમાં કુલ બાળકોની સંખ્યા નીચે દશાવેલ કોઠા પરથી જોઈ શકાય છે.

## મલાવ પ્રાથમિક શાળા : સ્થાપના ૧-૪-'૪૯

### મલાવ મુખ્ય શાળામાં ભણતા બાળકો : (૧૯૮૯ જુલાઈ)

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧. | ૧૬ | ૮ | ૨૪ |
| ૨. | ૧૦ | ૬ | ૧૬ |
| ૩. | ૧૧ | ૧૦ | ૨૧ |
| ૪. | ૧૬ | ૪ | ૨૦ |
| કુલ | ૫૩ | ૨૮ | ૮૧ |

મલાવ મુખ્ય શાળાનું પાકું મકાન હતું. જે હાલ જર્જરીત અવસ્થામાં છે. મકાન બિન-ઉપયોગી છે. શાળા સરપંચ ના મકાનની ઓસરીમાં બેસે છે.

---

### માનપાડા વર્ગ : સ્થાપના ૨૯-૬-'૮૪

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧. | ૭ | ૭ | ૧૪ |
| ૨. | ૮ | ૬ | ૧૪ |
| ૩. | ૪ | ૬ | ૧૦ |
| ૪. | ૮ | ૭ | ૧૫ |
| કુલ | ૨૭ | ૨૬ | ૫૩ |

માનપાડામાં ચાલતી આ શાળાનું મકાન એક ઓરડાનું પાકું છે. જેમાં બેસવા માટેની ખૂબ મુશ્કેલી પડે છે.

---

### ડુંગરીપાડા સ્થાપના: ૧-૭-'૮૬

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧. | ૨૩ | ૯ | ૩૨ |
| ૨. | ૧૦ | ૬ | ૧૬ |
| ૩. | ૧૧ | ૪ | ૧૫ |
| કુલ | ૪૪ | ૧૯ | ૬૩ |

ડુંગરીપાડામાં ચાલતી શાળામાં કોઈ વર્ગ કે મકાન નથી. શાળા આમલીના ઝાડ નીચે બેસે છે. ચોમાસામાં ઘરના ઓટલા ઉપર બેસે છે.

---

ગામની મુખ્ય શાળા અને બે વર્ગ શાળાઓમાં બબ્બે શિક્ષકોની સંખ્યા છે. ગામમાં ભણતા બાળકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. ગામમાં શાળાના મકાનની કોઈ સગવડ ન હોવા છતાં બાળકોમાં ભણતર માટેનો ઉત્સાહ કેટલો વધ્યો છે તે તપાસના ત્રણે વર્ષના આંકડાઓ પરથી જોઈ શકાય છે.

..૨૦..

તપાસના ત્રણે વર્ષો દરમ્યાન અને પુનઃતપાસ ૧૯૮૯ની શાળાની મુલાકાત વખતે લીધેલી બાળકોની વિગતો જોતાં પહેલા ધોરણબાદ બીજા અને ત્રીજા ધોરણમાં બાળકોની સંખ્યા ઘટતી જોવા મળે છે. પ્રથમ તપાસના દાયકા કરતાં નિશાળમાં જતા બાળકોની નિયમિતતામાં થોડો સુધારો જોઈ શકાય છે. જો કે હજું પણ બાળકો નિશાળમાં આવવા કરતાં જંગલમાં ઢોર ચરાવવા ઉપરાંત માતા-પિતા મજૂરી કરવાજાય તો તેમની સાથે જતાં હોય છે. કેટલાંક ઘેર નાના-ભાઈ-બહેનને રાખવા માટે રહેતાં હોય છે.

તપાસમા લીધેલા કુટુંબોની સભ્ય સંખ્યામાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો નમૂનાના કુટુંબોમાં શરુઆતની તપાસ વખતે પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલ વારલી જાતિના કુટુંબોમાં ૧૯૭૦માં જે સ્થિતિ શિક્ષણની હતી તેમાં સુધારો થવાને બદલે શિક્ષણની સ્થિતિ કથળતી જોવા મળી હતી. શિક્ષિતો કરતા અશિક્ષિતોનું પ્રમાણ વધેલું જોવા મળ્યું હતુ. ગામમાં તપાસના શરુઆતની બંને તપાસ વખતે કોઈપણ પુરુષ માધ્યમિક કે ઉચ્ચ-શિક્ષણ પામેલ ન હતો. ૧૯૮૯ની તપાસ વખતે ગામમાંથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરવા જતાં બાળકોમાં માત્ર ધોડીયા જાતિનાં જ બાળકો હતાં. વારલી જાતિનાં બાળકોમાંથી માત્ર ૪ બાળકોએ માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

તપાસના ત્રણે તબક્કામાં વારલીઓમાં શિક્ષણની સ્થિતિ નીચે મુજબ જોવા મળી હતી.

કોઠો

<u>તપાસમા લીધેલા વારલી કુટુંબોમાં શિક્ષણની ટકાવારી</u>

| તપાસનું વર્ષ | કુલ સભ્ય સંખ્યા | શિક્ષિતો | અભણ | કુલ | શાળાએ ન જઈ શકે તેવાં બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૨૦ | ૨૯ | ૨૨૦ | ૨૪૯ | ૭૧ |
| ટકા | | (૧૧.૬) | (૮૮.૪) | (૧૦૦.૦) | |
| ૧૯૭૯ | ૨૧૦ | ૨૦ | ૧૫૯ | ૧૭૯ | ૩૧ |
| ટકા | | (૧૧.૨) | (૮૮.૨) | (૧૦૦.૦) | |
| ૧૯૮૯ | ૧૧૨ | ૨૧ | ૬૮ | ૮૯ | ૨૩ |
| ટકા | | (૨૩.૬) | (૭૬.૪) | (૧૦૦.૦) | |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ ૧૯૬૯માં કુલ સભ્ય સંખ્યા ૩૨૦માંથી શાળામાં ન જઈ શકે તેવા બાળકોની સંખ્યાને બાદ કરતાં શિક્ષિતોની સંખ્યા માત્ર ૧૧.૬ ટકા હતી. ૧૯૭૯માં આ સંખ્યામાં ઘટાડો થયો હતો. જયારે છેલ્લા દાયકામાં શિક્ષિતોની સંખ્યામાં વધારો થયો હતો. તપાસના ત્રણે તબકકામાં તપાસમાં લીધેલા કુટુંબોની સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો પણ સ્પષ્ટ જોઈ શકાય છે કે શાળાએ ન જતા બાળકો શાળામાં જવા લાગ્યા છે. ૧૯૮૯માં તપાસમાં લીધેલા ૨૪ કુટુંબોમાંથી ૯ બાળકો શાળાએ જતાં હતાં.

## પ્રકરણ - ૪

### ૧૯૭૦ અને ૧૯૮૦ની તુલનાત્મક સ્થિતિ

આગળના પ્રકરણોમાં મલાવગામની ભૂભૌતિક અને શિક્ષણની વિગતો જોયા પછી અહી ૧૯૭૦ અને ૧૯૮૦ની તપાસમાં મેળવેલ માહિતીને આધારે કેટલાંક તુલનાત્મક પાસાંઓ અને પરિવર્તન વિષે જોઈએ.

**ગામ :**

પસંદ કરેલ "મલાવ" ગામની આસપાસ જે જંગલ વિસ્તાર હતો તે જંગલો ઉત્તરોત્તર કપાતાં જંગલનો આશ્રય ઓછો થતો લાગ્યો છે. આ ઉપરાંત એક આકર્ષક પરિવર્તન પ્રથમ નજરે દેખાય છે. આ વિસ્તારનું તે ૧૯૭૦ પછીના વર્ષોમાં ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઉમર ગામ તાલુકાનો વિકાસ થઈ રહયો છે. અનેક પ્રકારનાં નાનાં મોટાં કારખાના અને જી.આઈ.ડી.સી. નો ઔદ્યોગિક સંકુલ ઉભો થયેલો છે. જેને પરિણામે આસપાસના ગામોના આદિવાસીઓને ઔદ્યોગિક મજૂરીની તકો ઉભી થઈ છે.

ગામમાં નોંધપાત્ર ફેરફારો દેખાયો નથી. સિંચાઈના કૂવાઓની સંખ્યામાં પણ વધારો થયો નથી. અને ગામ જોતા પરિવર્તનો સ્પષ્ટ બહાર તરી આવતાં નથી. જેને વિગતે જોતાં તેનો ખ્યાલ આવશે.

૧૯૭૦ માં ૪૬ વારલી કુટુંબોમાંથી ૩૩ કુટુંબો અને ધોડિયાઓમાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો સંપર્ક કરી શકાયો હતો. બીજાં કુટુંબોના વડીલો મૃત્યુ પામવાથી અને કેટલાંક કુટુંબો મજૂરી માટે બહાર ગયાં હોવાથી સંપર્ક શાધી શકાયો નહતો.

**ભૌતિક જીવન :**

જીવન જરુરિયાતની વસ્તુઓ ઓછામાં ઓછી વપરાતી ૧૯૮૦માં પણ જોવા મળી હતી. ૧૯૭૦માં જે ઘરવખરી હતી તેમાં બહુ મોટો ફર્ક દેખાતો નથી.

## જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકત

| જમીનનું કદ | કુટુંબ | જમીન | ઝાડ | પશુઓ | ખેતીના સાધનો | કૂવાઓ | ઘરવખરી | અન્ય મિલકત | ઘરેણાં | ઘરની કિંમત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૧૬ | ૧૩૩૪.૩૮ | ૧૪૬.૨૫ | ૨૭૩.૧૯ | ૨૮.૯૪ | - | ૫૩.૫૦ | ૨૫.૬૨ | ૧૨.૮૮ | ૧૭૮.૧૨ | ૨૦૫૨.૮૮ |
| ૨.૫ - ૫.૦ | ૧૩ | ૨૧૮૮.૪૬ | ૮૨૪.૬૨ | ૬૭૯.૩૧ | ૧૨૩.૦૮ | ૧૧૫.૩૮ | ૮૫.૬૧ | ૭૮.૪૬ | ૫૩.૦૮ | ૪૯૪.૬૨ | ૪૬૪૨.૬૨ |
| ૫.૦ - ૭.૫ | ૭ | ૩૯૯૨.૮૬ | ૭૩૬.૪૩ | ૭૧૧.૦૦ | ૧૫૦.૭૧ | ૨૮૫.૭૧ | ૧૭૩.૦૦ | ૧.૪૩ | ૮૦.૭૧ | ૭૮૫.૭૨ | ૭૧૧૭.૫૭ |
| ૭.૫ - ૧૦.૦ | ૨ | ૫૦૦૦.૦૦ | ૩૭૭.૫૦ | ૫૬૭.૫૦ | ૧૮૪.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૨૬.૦૦ | ૧૪૦૫.૦૦ | ૫૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૨૧.૦૦ |
| જમીન વિહોણા | ૮ | - | - | ૧૨૩.૬૩ | ૦.૨૫ | - | ૪૯.૩૮ | - | ૨.૫૦ | ૧૧૫.૬૨ | ૨૯૧.૩૮ |
| કુલ... | ૪૬ | ૧૯૦૭.૬૧ | ૪૧૨.૩૯ | ૪૭૧.૮૦ | ૭૫.૮૩ | ૧૪૧.૩૦ | ૯૩.૨૦ | ૯૨.૩૯ | ૩૪.૭૭ | ૩૮૪.૮૯ | ૩૬૦૩.૭૮ |

વાસણો :

જુદી જુદી ધાતુના વાસણો વાપરતાં કુટુંબોની ટકાવારી ૧૯૭૦ અને ૧૯૮૦ (વારલી)

| વાસણો | ૧૯૭૦(ટકામાં) | ૧૯૮૦(ટકામાં) |
|---|---|---|
| એલ્યુમિનિયમ | ૯૫.૬ | ૧૦૦.૦ |
| પિત્તળ | ૬૫.૨ | ૬૯.૭ |
| તાંબુ | ૧૫.૨ | ૧૨.૧ |
| કાંસુ | - | ૬૦.૬ |
| માટી | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| કુલ કુટુંબ સંખ્યા | ૪૬ | ૩૩ |

૧૯૭૦માં જુદી જુદી ધાતુનાં વાસણો વાપરનાર કરતાં એલ્યુમિનિયમ અને પિત્તળમાં કુટુંબ સંખ્યા વધી છે. જયારે તાંબાના વાસણો વાપરનારની કુટુંબ સંખ્યા ઓછી થઈ છે. તેની જગ્યાએ કાંસાનો વપરાશ ૬૦ ટકા જેટલાં કુટુંબો કરતાં થયા છે. જે ૧૯૭૦માં એક પણ કુટુંબમાં જોવા મળ્યું ન હતું.

અન્ય :

ઘરવખરી વાપરતાં કુટુંબોના ટકા

| અ.નં. | વસ્તુઓ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | ખાટલા | ૪.૩ | ૧૫.૧ |
| ૨. | લાકડાનું ફરનીચર | ૬.૫ | ૯.૦ |
| ૩. | ફાનસ | ૨૩.૯ | - |
| ૪. | ચીમની | ૮૪.૮ | ૧૦૦.૦ |
| ૫. | ટોપલા ટોપલીઓ | ૭૮.૩ | ૯૭.૦ |
| ૬. | ઘંટી | ૮૬.૯ | ૬૦.૬ |
| ૭. | હાથબત્તી( બેટરી) | ૮.૭ | ૯.૦ |
| ૮. | કપડાં મુકવાની લોખંડની પાટી | ૮.૭ | ૧૫.૧ |

| ક્રમ નં. | વસ્તુઓ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૯. | છત્રી | ૪૫.૬ | ૪૫.૧ |
| ૧૦. | પેટ્રોમેક્સ | ૪.૩ | - |
| ૧૧. | ઘડિયાળ | ૨.૦ | ૯.૦ |
| ૧૨. | સાયકલ | - | ૬.૦ |

ઘરવખરીનો કોઠો જોતા લાગે છે કે કેટલીક વસ્તુઓનો વપરાશ વધેલો જોવા મળે છે. ખાટલા ૪ ટકામાંથી ૧૫ ટકા કુટુંબો વાપરતા થયાં છે. લાકડાનું ફરનીચર ૬.૫ ટકા કુટુંબોમાંથી ૯ ટકા, જયારે ફાનસ અને પેટ્રોમેક્સનો વપરાશ ૧૯૭૦માં હતો તેની જગ્યાએ નાની નાની સસ્તી ચીમનીઓનો વપરાશ બધા કુટુંબોમાં જોવા મળ્યો હતો. બેટરીના વપરાશમાં પણ વધુ બહુ ઓછો ફર્ક દેખાય છે. જયારે કપડાં મૂકવાની પેટીનો વપરાશ ૮.૭ ટકામાંથી ૧૫ ટકાનો થયો છે. જયારે ઘંટીના વપરાશમાં ઘટાડો થયેલો જોવા મળે છે. જયારે ઘડિયાળોનો વપરાશ ૨ ટકામાંથી ૯ ટકાનો થયો છે અને સાયકલોનો વપરાશ ૧૯૭૦માં બિલકુલ ન હતો તેની જગ્યાએ ૬ ટકા કુટુંબોમાં તેનો વપરાશ જોવા મળ્યો હતો. આ ફેરફારોએ બહુ ઓછા છે કારણ કે કુલ કુટુંબોની સામે આ ટકાવારી કેટલી ઓછી છે. બધા કુટુંબોમાં જીવન જરુરિયાતોની વસ્તુઓ પણ જોવા મળતી નથી. છેલ્લા દસ વર્ષામાં જીવન જરુરિયાતની વસ્તુઓ પણ મોટા-ભાગના કુટુંબોમાં પહોંચી શકી નથી.

પહેરવેશમાં પણ કોઈ પરિવર્તન જોવા મળ્યું નથી. માત્ર બજારમાં વેચાતી નક્લી કેટલીક ચીજોનો વધારો થયો છે. જેની સામે થોડાં ઘણાં ચાંદી અને રુપાનાં ઘરેણાં હતાં તે ઓછા થયેલા જોવા મળ્યાં હતાં. ૧૯૭૦માં કુટુંબદીઠ ૩૪ રુપિયાનાં હતાં, ૧૯૮૦ સુધીમાં ચાંદી, રુપા નિક્લના ભાવોની સપાટી ખૂબ ઉંચી ગઈ હોવા છતાં અત્યારની ભાવ સપાટીએ માત્ર ૮૩ રુપિયાનાં ઘરેણાં કુટુંબદીઠ જોવા મળ્યાં હતાં.

શિક્ષણ :

મલાવ ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૩ ધોરણ સુધીની હતી. જેની સ્થાપના ૧૯૪૦માં થયેલી પહેલાં મરાઠી શાળા ચાલતી હતી. પણ ગુજરાત રાજ્ય થયા બાદ ગુજરાતી શાળા ચલાવવામાં આવે છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે મલાવમાં ૯૮ પુરુષો અને ૬ સ્ત્રીઓ શિક્ષિત હતી. ૧૯૭૦ અને ૧૯૮૦માં તપાસ દરમ્યાન ગામની શાળામાં બાળકોની સંખ્યા આ પ્રમાણે હતી.

શાળામાં બાળકોની સંખ્યા

| | ૧૯૭૦ | | | ૧૯૮૦ | | |
|---|---|---|---|---|---|---|
| ધોરણ | છોકરા | છોકરીઓ | કુલ | છોકરા | છોકરીઓ | કુલ |
| ૧ | ૧૯ | ૧૨ | ૩૧ | ૩૪ | ૧૦ | ૪૪ |
| ૨ | ૧૧ | ૧ | ૧૨ | ૨૯ | ૮ | ૩૭ |
| ૩ | ૨ | – | ૨ | ૧૧ | ૪ | ૧૫ |
| કુલ.. | ૩૨ | ૧૩ | ૪૫ | ૭૪ | ૨૨ | ૯૬ |

ગામની શાળામાં દસ વર્ષ સુધી ત્રણ ધોરણથી આગળ નિશાળ વધી નથી. બાળકોની સંખ્યા લગભગ બમણી થયેલી દેખાય છે. પણ બહેનોની સંખ્યા બંને તપાસના વર્ષે ઓછી રહી છે. અને તેમાંય પહેલા ધોરણ બાદ ત્રીજા સુધી ક્રમે ક્રમે વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઘટેલી તપાસના બન્ને વર્ષે દેખાઈ હતી. આ ઉપરાંત નોંધપાત્ર હકીકતતો એ છે કે નિશાળના રજીસ્ટરમાં જેટલી સંખ્યા હોય છે તેમાંથી ૪૦ ટકા સંખ્યા પણ નિયમિત જોવા મળી નથી. બાળકો નિશાળમાં આવવા કરતાં જંગલમાં, ઢોર ચરાવવા કે માતાપિતા મજૂરી કરવા જાય તો તેમની સાથે અથવા ઘેર નાના ભાઈ-બહેનને રાખવા માટે રહેતાં હોય છે, એટલે હાજરીનો પણ મોટો સવાલ છે.

તપાસમાં લીધેલ કુટુંબોનું શિક્ષણ ઘણું જ ઓછું જોવા મળ્યું હતું.

તપાસમાં લીધેલ કુટુંબોમાં શિક્ષણની ટકાવારી

| તપાસ વર્ષ | કુલ સભ્ય સંખ્યા | નિશાળે ન જઈ શકે તેવા નાનાં બાળકો | શિક્ષિતો | અભણ | નાના બાળકો સિવાય ની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | ૩૨૦ | ૭૧ | ૨૯ | ૨૨૦ | ૨૪૯ |
| ટકા | | | ૧૧.૬ | ૮૮.૪ | ૧૦૦.૦ |
| ૧૯૮૦ | ૨૧૦ | ૩૧ | ૨૦ | ૧૫૯ | ૧૭૯ |
| ટકા | | | ૧૧.૨ | ૮૮.૯ | ૧૦૦.૦ |

તપાસમાં લીધેલ વારલી કુટુંબોમાંથી ૧૯૭૦માં જે સ્થિતિ શિક્ષણની હતી તેમાં વધારો થવાને બદલે ૧૯૮૦માં ઘટાડો થયેલો છે. અશિક્ષિતોનું પ્રમાણ વધેલું જોવા મળ્યું હતું. ગામમાં તપાસના બન્ને વર્ષોમાં કોઈપણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પામેલ હતું નહી.

**કુટુંબનું કદ :**

કુટુંબના કદમાં છેલ્લા દસ વર્ષોમાં આ પ્રમાણેના પરિવર્તનો જોવા મળ્યાં હતાં.

કુટુંબનું કદ (૧૯૭૦ અને ૧૯૮૦)

| સભ્ય સંખ્યા | કુટુંબ સંખ્યા ૧૯૭૦ | ટકા | ૧૯૮૦ | ટકા |
|---|---|---|---|---|
| ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૪ | ૮.૭ | ૮ | ૨૪.૨ |
| ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૧૭ | ૩૭.૦ | ૧૨ | ૩૬.૪ |
| ૭ થી ૯ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો | ૧૮ | ૩૯.૨ | ૮ | ૨૪.૨ |
| ૧૦થી વધારે સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૭ | ૧૫.૧ | ૫ | ૧૫.૨ |
| કુલ... | ૪૬ | ૧૦૦.૦ | ૩૩ | ૧૦૦.૦ |

દસ વર્ષના સમયમાં કુટુંબના કદમાં ફેરફાર થયેલો જોવા મળ્યો

..૨૮..

હતો. ૧૯૭૦માં ૭ થી ૯ સભ્ય ધરાવતાં કુટુંબો ૩૯.૨ ટકા હતાં. જ્યારે ૧૯૮૦માં ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો ૩૬.૪ ટકા હતાં.

આ કુટુંબોનાં પ્રકારમાં પણ પરિવર્તનો જોવા મળ્યાં હતાં. ૧૯૭૦ માં સંયુક્ત કુટુંબોનું પ્રમાણ વધારે હતું. જ્યારે ૧૯૮૦માં કેન્દ્રિય કુટુંબોનું પ્રમાણ વધેલુ જોવા મળ્યું હતું. જે નીચેનો કોઠો જોતા સ્પષ્ટ ખ્યાલ આવશે.

કુટુંબનો પ્રકાર

| | સંયુક્ત કુટુંબ | | કેન્દ્રિય કુટુંબ | | કુલ કુટુંબો | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧૯૭૦ | ૨૪ | ૫૨.૨ | ૨૨ | ૪૭.૮ | ૪૬ | ૧૦૦.૦ |
| ૧૯૮૦ | ૧૫ | ૪૭.૧ | ૧૮ | ૫૨.૯ | ૩૩ | ૧૦૦.૦ |

સંયુક્ત કુટુંબ પ્રથા તરફથી કેન્દ્રિય કુટુંબો તરફની ગતિ અન્ય સમાજોની માફક જોવા મળી હતી.

આ કુટુંબોમાં કામ કરનાર અને કામ નહીં કરનાર સભ્યોની સંખ્યા જોતાં તેના સમગ્ર આર્થિક જીવનની ભાત ઊભી થાય છે. કારણ કે કામ કરનાર સભ્યોએ આદિવાસી જીવનમાં અર્થવ્યવસ્થાનું મૂળ છે. આખોય જીવન વ્યવહાર માનવ શક્તિ પર આધારિત છે. જેના પડઘા સીધા આર્થિક વ્યવહારો પર પડે છે.

..૨૯..

## કમાણી કરનાર અને બિન કમાણી કરનાર કુટુંબોની સંખ્યા

| તપાસ વર્ષ | કમાણી કરનાર સભ્યો | | | | કમાણી નહીં કરનાર સભ્યો | | | | બંનેનું કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | બાળક | કુલ | પુરુષ | સ્ત્રી | બાળકો | કુલ | |
| ૧૯૭૦ | ૯૫ | ૯૦ | ૩૦ | ૨૧૫ | – | ૩ | ૧૦૨ | ૧૦૫ | ૩૨૦ |
| ટકા | ૪૪.૨ | ૪૧.૯ | ૧૩.૯ | ૧૦૦.૦ | – | ૨.૯ | ૯૭.૧ | ૧૦૦.૦ | |
| ૧૯૮૦ | ૫૯ | ૫૧ | ૧૯ | ૧૨૯ | ૪ | ૧૦ | ૬૭ | ૮૧ | ૨૧૦ |
| ટકા | ૪૫.૭ | ૩૯.૫ | ૧૪.૭ | ૧૦૦.૦ | ૪.૯ | ૧૨.૩૫ | ૮૨.૭ | ૧૦૦.૦ | |

૧૯૭૦માં તપાસમાં લીધેલ વારલી કુટુંબોમાંથી ૬૭.૨ ટકા સભ્યો કામ કરનાર હતાં અને ૩૨.૮ ટકા સભ્યો તેમના પર આધારિત હતાં. જયારે ૧૯૮૦માં કામ કરનાર સભ્યોની સંખ્યા ઘટીને ૬૧.૪ ટકા થઈ અને કમાણી ઉપર આધારિત સભ્યોની સંખ્યા વધીને ૩૮.૬ ટકા થઈ હતી. કમાણી કરતા સભ્યોમાં ૧૯૭૦માં માત્ર ૪૪.૨ ટકા પુરુષો હતા અને ૪૧.૯ ટકા સ્ત્રીઓ હતી એટલે કે લગભગ અડધા ભાગમાં સ્ત્રીઓ કમાણીમાં જોડાયેલ હતી. જયારે ૧૯૮૦માં કામ કરનાર સ્ત્રીઓની સંખ્યા ઘટી હતી અને પુરુષોની સંખ્યા વધીને ૪૫.૭ ટકાની થઈ હતી. જો કે બહુ મોટો ફર્ક પડયો નથી. પણ બીજી નોંધપાત્ર ઘટના જે તપાસ વર્ષોમાં જોવા મળી છે તે એ છે કે ૧૪ વર્ષથી નાનાં બાળકોએ પણ ગરીબીને કારણે આર્થિક ઉત્પાદનમાં જોડાવવું પડે છે. ૧૯૭૦માં લગભગ ૧૩.૯ ટકા બાળકોની સંખ્યા હતી તે ઘટવાને બદલે ૧૯૮૦માં વધીને ૧૪.૭ ટકાની થઈ હતી.

કમાણી નહી કરનાર સભ્યોમાં ૧૯૭૦માં એકપણ પુરુષ ન હતો એટલે કે મોટી ઉંમરના પુરુષોએ પણ આર્થિક ઉત્પાદનમાં જોડાવવું પડતું હતું. જયારે ૧૯૮૦માં કામ નહીં કરતા સભ્યોમાં ૪.૯ ટકાનું પ્રમાણ જોવા મળ્યું હતું. સ્ત્રીઓના ૨.૯ ટકામાંથી વધીને ૧૨.૩ ટકા થઈ હતી. જયારે કામ નહીં કરનાર બાળકોની સંખ્યા ૧૯૭૦ કરતાં ૧૯૮૦માં ઘટીને ૯૭ ટકામાંથી ૮૨.૭ ટકા થઈ હતી.

<u>જમીન</u> :

જમીનના કદમાં છેલ્લા દસ વર્ષમાં જે ફેરફારો થયા છે તે નીચેનો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ થાય છે.

તપાસમાં પસંદ કરેલ કુટુંબોમાં ૧૯૭૦મા કરતાં ૧૯૮૦માં કુટુંબદીઠ જમીનો વધેલી માલુમ પડી છે. જેમાં ૨.૫ એકરથી ૭.૫ એકર સુધીનીજમીન ધારણ કરનારની જમીનો થોડીક વધી છે. જયારે ૧૯૭૦માં ૭.૫ એકર કરતાં વધુ જમીન ધરાવતાં કુટુંબો હતા. જેમાંથી ૧૯૮૦માં એકપણ કુટુંબ હતું નહી. જમીનનીક ટકાવારી જોતા લાગે છે કે કુલ જમીનમાં ૨.૫ થી ૫.૦ એકર જમીન ધરાવનાર કુટુંબોની ટકાવારી ઊંચી છે. જયારે તે સિવાયના જમીન ધારણ કરનાર કુટુંબોની ટકાવારી ૧૯૮૦મા ઘટેલી જોવા મળી હતી.

## જમીનના કદ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| જમીનનું કદ એકર - ગુ. | કુટુંબ સંખ્યા ૧૯૭૦ | કુટુંબ સંખ્યા ૧૯૮૦ | જમીન એ.ગુ. ૧૯૭૦ | જમીન એ.ગુ. ૧૯૮૦ | કુટુંબદીઠ જમીન એ.ગુ. ૧૯૭૦ | કુટુંબદીઠ જમીન એ.ગુ. ૧૯૮૦ | કુલ કુટુંબોના ટકા ૧૯૭૦ | કુલ કુટુંબોના ટકા ૧૯૮૦ | કુલ જમીનના ટકા ૧૯૭૦ | કુલ જમીનના ટકા ૧૯૮૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ -૨.૫ | ૧૬ | ૧૭ | ૨૭.૩૨ | ૨૯.૧૮ | ૧.૨૯ | ૧.૨૯ | ૩૪.૭૮ | ૫૧.૫૨ | ૨૧.૩૦ | ૧૯.૪૧ |
| ૨.૫- ૫.૦ | ૧૩ | ૭ | ૪૩.૦૦ | ૨૭.૦૪ | ૩.૧૨ | ૩.૩૫ | ૨૮.૨૬ | ૨૧.૨૧ | ૩૨.૯૫ | ૫૪.૬૪ |
| ૫.૦- ૭.૫ | ૭ | ૫ | ૪૩.૧૦ | ૪૨.૨૦ | ૬.૧૭ | ૮.૨૦ | ૧૫.૨૨ | ૧૫.૧૫ | ૩૩.૧૪ | ૨૫.૯૫ |
| ૭.૫- ૧૦.૦ | ૨ | - | ૧૬.૧૮ | - | ૮.૦૯ | - | ૪.૩૫ | - | ૧૨.૬૧ | - |
| જમીન વિહોણા | ૮ | ૪ | - | - | - | - | ૧૭.૩૯ | ૧૨.૧૨ | - | - |
| કુલ... | ૪૬ | ૩૩ | ૧૩૦.૨૦ | ૯૯.૦૨ | ૨.૩૩ | ૨.૨૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આ પ્રમાણે જોતાં લાગે છે કે જમીન ધારણ કરનાર અને ખેતમજૂરોની પણ જમીનની ફેરબદલી થયેલી દેખાય છે. સાથે સાથે ૧૯૭૦માં જમીન ધારણ શકિત હતી તેમાં ૧૯૮૦માં વધઘટ જોવા મળી હતી.

જમીન ધારણ શકિતમાં થયેલ ફેરફારો

| | | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | ૧૯૭૦ થી ૧૯૮૦ સુધી જમીનના કદમાં ફેરફાર થયો હોય તેવા કુટુંબો... | ૧૮ |
| ૨. | ૧૯૭૦ થી ૧૯૮૦ સુધી જમીનના કદમાં ફેરફાર નથી થયો તેવા કુટુંબો... | ૧૫ |
| ૩. | ૧૯૭૦માં જેમની પાસે જમીન હતી તેમાં ૧૯૮૦ સુધી જમીનના કદમાં થયેલ વધારો.. | ૪ |
| ૪. | ૧૯૭૦મા જેમની પાસે જમીન હતી પણ ૧૯૮૦ સુધીમાં જમીનના કદમાં થયેલ ઘટાડો.. | ૬ |
| ૫. | ૧૯૭૦માં જમીન હોય પણ ૧૯૮૦માં બિલકુલ જમીન જતી રહી હોય તેવા કુટુંબો.. | ૧ |
| ૬. | ૧૯૭૦ માં જમીન ના હોય પણ ૧૯૮૦માં જમીન પ્રાપ્ત કરી હોય તેવા કુટુંબો... | ૪ |
| ૭. | ૧૯૭૦માં જમીનવિહોણા હોય અને ૧૯૮૦માં પણ જમીનવિહોણા રહયા હોય તેવા કુટુંબો... | ૩ |

ઉપરની હકીકતો જોતાં લાગે છે કે જમીન માલિકીમાં ફેરફારો થતાં રહયાં છે. જયારે ગેરકાનૂની ફેરફારોનો પણ બધા થયેલા છે. કેટલાક તો માત્ર નામના જ જમીન માલિકો હોય છે. કેટલાક જમીનવાળા જમીન વગરના પણ બની જાય છે. અને વધારે જમીન ધરાવતા કુટુંબોમાં જમીન ઓછી થતી જણાય છે.

**આવક :**

મલાવ ગામમાં આર્થિક સાધનો જે હતાં તેનાં તેજ રહયાં છે. ચોમાસા પૂરતી ખેતી કરી મજૂરી માટે જાય છે, જેમાં ખેતમજૂરી, બાંધકામ-મજૂરી, જંગલમજૂરી, ઘાસ કાપવાની આવકો છે. મજૂરી માટે ગામ છોડીને બહાર જવું પડે છે. છેલ્લા દસ વર્ષોમાં ઔદ્યોગિક વિસ્તારનો વિકાસ થવા છતાં આ ગામમાંથી મજૂરી માટે થોડાક યુવકો જાય છે.

<u>જમીનના કદ પ્રમાણે અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક : (રૂપિયામાં)</u>

| જમીનનું કદ એકર – ગુ. | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોની સંખ્યા | ખેતીની આવક | પશુપાલન ની આવક | મજૂરી ની આવક | જંગલ પેદાશ ની આવક | અન્ય આવક | કુટુંબદીઠ કુલ આવક | માથાદીઠ કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૭ | ૧૧૦ | ૫૬૫.૭૦ | ૯૪.૭૦ | ૨૨૮.૨૦ | ૨૫૦.૦૦ | ૮૨૯.૫૦ | ૧૯૬૮.૧૦ | ૩૦૪.૨૦ |
| ૨.૫ થી ૫.૦ | ૭ | ૪૪ | ૧૨૨૪.૩૦ | ૭૮.૬૦ | ૮૭.૧૦ | ૧૩૨.૯૦ | ૯૭૧.૪૦ | ૨૪૯૪.૩૦ | ૩૬૬.૮૦ |
| ૫.૦ થી ૭.૫ | ૫ | ૪૦ | ૧૦૧૪.૦૦ | ૬૪.૦૦ | ૧૧૦.૦૦ | ૨૩૬.૦૦ | ૭૭૫.૦૦ | ૨૨૯૯.૦૦ | ૨૮૭.૪૦ |
| જમીન વિહોણા | ૪ | ૧૬ | – | – | ૯૫.૦૦ | ૪૩૦.૦૦ | ૪૩૭.૫૦ | ૯૬૨.૫૦ | ૨૪૦.૦૦ |
| કુલ... | ૩૩ | ૨૧૦ | ૮૧૦.૩૦ | ૭૫.૨૦ | ૧૬૪.૨૦ | ૨૪૪.૮૦ | ૭૧૨.૯૦ | ૨૦૦૭.૪૦ | ૩૧૫.૪૦ |

૧૯૮૦માં માથાદીઠ વાર્ષિક આવક ૩૧૫.૪ રુપિયા હતી. જે માસિક માથાદીઠ આવક ૨૯.૧૫ રુપિયા થાય છે. આટલી ઓછી આવક ધરાવતાં કુટુંબો આટલી મોંઘવારીમાં કોઈપણ સંજોગોમાં પોતાના કુટુંબનું પુરું કરી શકે નહી. બધાં જ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. અનેક પ્રકારના ધંધાઓ દ્વારા જીવનનિર્વાહના પ્રયત્નો કરતા છતાં વધુ આવકો પ્રાપ્ત કરી શકતા નથી કે બાર માસનો સુખે રોટલો ખાવા મળતો નથી. વર્ષમાં કેટલાક કુટુંબોએ તો કેટલાક ટંક અને દિવસ ભૂખ્યા જ રહેવું પડે છે. જયારે ખેતમજૂરોની માથાદીઠ માસિક આવક ૨૦ રુપિયા થાય છે. આટલી ટૂંકી આવક દ્વારા જીવનનિર્વાહ મુશ્કેલ બને છે. ખેતીની જમીન ધારણ કરતાં કુટુંબો પણ ગરીબીની રેખા નીચે જ જીવન ગાળે છે. તેઓ ખેતી ઉપરાંત અન્ય ધંધાઓ કરે છે છતાં ગરીબીની રેખાની ઉપર જઈ શકતાં નથી પણ વધુ નીચે જતાં જાય છે.

<u>સાધનવાર ૧૯૭૦ અને ૧૯૮૦ના વર્ષોમાં કુટુંબદીઠ વાર્ષિક આવક(રુપિયામાં)</u>

| | કુલ કુટુંબો | કુલ સભ્ય સંખ્યા | ખેતીની કુલ આવક | પશુપાલનની કુલ આવક | મજૂરીની કુલ આવક | જંગલની કુલ આવક | કુલ અન્ય આવક | કુલ વાર્ષિક આવક | કુલ માથાદીઠ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | ૪૬ | ૩૨૦ | ૯૮૨.૯૧ | ૮.૫૭ | ૫૩૦.૬૩ | ૪૬.૪૬ | ૯૯.૬૫ | ૧૦૬૮.૨૨ | ૧૫૩.૫૬ |
| ૧૯૮૦ | ૩૩ | ૨૧૦ | ૮૧૦.૩૦ | ૭૫.૨૦ | ૧૬૪.૨૦ | ૨૪૪.૮૦ | ૭૧૨.૯૦ | ૨૦૦૭.૪૦ | ૩૧૫.૪૦ |

છેલ્લા દસ વર્ષમાં બધાં સાધનો દ્વારા થતી આવકોમાં વધારો જોવા મળ્યો હતો. પણ આજની ભાવસપાટીએ જોતાં આટલી વધેલી આવકો પણ તેમજ ગરીબીમાં ધકેલાતી જાય છે. ખેતીની આવકોમાં બીજી આવકોના પ્રમાણમાં ઓછામાં ઓછો વધારો જોવા મળ્યો છે, તેમાંય અનેકવિધ

..૩૫..

વિકાસના પ્રયત્નો પછી પણ ખેતીની આવક બહુ ઓછી પ્રશ્ને વધેલી જોવા મળી હતી. જ્યારે મજૂરીની આવક વધવી જોઈએ તેના બદલે ઘટતી જોવા મળી છે. કુટુંબદીઠ ૧૯૭૦માં મજૂરીની આવકો કુલ આવકોમાં ખેતી પછી બીજા નંબરે આવતી હતી તે ૧૯૮૦માં ઘટી ગઈ હતી.

આવકને ખર્ચ સાથે જોતાં સમગ્ર આર્થિક ચિત્ર જોવા મળે છે. કારણ કે ગરીબ સમાજોમાં આવક પ્રમાણે જ ખર્ચ થાય છે. આવકોની મર્યાદાઓ સમજીને ખર્ચ કરતા હોય છે. તેના મૂળમાં ગરીબી છે, કારણકે મોટાભાગના કુટુંબોને ઉધાર ધીરનાર પણ હોતા નથી. ઉધાર માટે ઘર, જમીન, ઘરેણાં, પશુ કે ખજૂરીનાં ઝાડ ગીરો મૂકવાં પડે અથવા વેચવા પડે, કારણ કે આધાર સિવાય ઉધાર પણ મળતું નથી કે પૈસા કોઈ ધીરતું નથી. છેલ્લા દસ વર્ષમાં ધીરધારના કાનૂનો અને વ્યાપારીઓનાં દેવાં નાબૂદીની સરકારી નીતિથી વ્યાપારીઓ ''આધાર'' સિવાય ધીરધાર કરતા નથી. જેથી જેમની પાસે ગીરો મૂકવા જેવું હોય તે લગભગ મૂકાઈ ગયેલું હોય છે. એક તો જીવન નિર્વાહની મશ્કેલી, તેમાંય આવા કપરા વર્ષો અને મોંઘવારીમાં સામાજિક-ધાર્મિક ખર્ચ કાઢવા ખૂબજ મુશ્કેલ હોય છે, એટલે મોટેભાગે પોતાની આવકોની મર્યાદામાં ખર્ચ કરે છે. એટલા માટે કેટલાય કુટુંબોને કેટલાય ટંક ખાધા સિવાય ચલાવવું પડે છે. જંગલમાંથી ઝાડનાં પાન કે કંદમૂળ લાવી ખાઈને પણ કેટલાક ટંક ચલાવી લે છે. જો કે જે મજૂરી કરવાવાળા કુટુંબોને વિશ્વાસ પડે તો ઘાસ કાપવાની મજૂરી પેટે પહેલાં પૈસા આપવામાં આવશે. પણ તેમાં કોન્ટ્રાક્ટરો શોષણ કરતા હોય છે. જેનો ખ્યાલ ખર્ચ જોતાં સ્પષ્ટ થશે.

જમીનના કદ પ્રમાણેના કુટુંબોનું વાર્ષિક ખર્ચ આગળના પ્રકરણમાં જોયું અહી ૧૯૮૦માં તપાસ સમયે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ આ પ્રમાણે જોવા મળ્યુ હતું.

## જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ (રુપિયામાં) (૧૯૮૦)

| જમીનનું કદ | કુલ કુટુંબ | ખોરાક | શાકભાજી | માંસ | ખાંડ | ગોળ | તેલ | ચા | મસાલા | દારુતાડી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૭ | ૯૦૮ | ૫૦ | ૪૧ | – | – | ૩૭ | – | ૩૫ | ૨૩ |
| ૨.૫ થી ૫.૦ | ૭ | ૯૦૦ | ૪૩ | ૫૫ | ૧૧ | ૨ | ૪૧ | ૧૦ | ૪૫ | ૨૩ |
| ૫.૦ થી ૭.૫ | ૫ | ૯૯૦ | ૪૪ | ૪૨ | – | – | ૪૨ | – | ૪૪ | ૨૬ |
| જમીન વિહોણા | ૪ | ૫૪૮ | ૧૧ | ૧૫ | – | – | ૨૨ | – | ૨૦ | ૧૫ |
| કુલ... | ૩૩ | ૮૭૫ | ૪૩ | ૪૧ | ૨ | ૦.૬૧ | ૩૭ | ૨ | ૩૬ | ૨૨ |

...(ચાલુ)..

## જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ (રૂપિયામાં) (૧૯૮૦)

| જમીનનું કદ | બીડી તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં | જોડાં | સામાજિક ધાર્મિક | મુસાફરી | અન્ય | કુલ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૪૦ | ૩૮ | – | ૪૫૨ | ૩૨ | ૬૧ | ૪૪ | ૪૯ | ૧૮૧૨ | ૧૫૧ |
| ૨.૫ થી ૫.૦ | ૪૧ | ૩૬ | ૧૪ | ૪૦૦ | ૪૧ | ૪૮ | ૨૩ | ૬૩ | ૧૮૦૦ | ૧૫૦ |
| ૫.૦ થી ૭.૫ | ૩૬ | ૩૭ | – | ૬૦૦ | ૩૦ | ૬૪ | ૨૮ | ૪૩ | ૨૦૨૬ | ૧૬૮ |
| જમીન વિહોણા | ૨૨ | ૩૧ | – | ૨૧૨ | ૭ | ૨૫ | ૫ | ૨૦ | ૯૫૬ | ૯૬ |
| કુલ.. | ૩૭ | ૩૭ | ૩ | ૪૩૪ | ૩૦ | ૫૪ | ૩૨ | ૪૭ | ૧૭૩૮ | ૧૪૪ |

વારલીઓમાં જીવન જરુરિયાતની વસ્તુઓ પાછળ ખર્ચ થાય છે. તેમાં ઓછામાં ઓછો ખર્ચ જમીનવિહોણા કુટુંબોનો છે. માથાદીઠ વાર્ષિક ખર્ચ માત્ર ૧૪૪ રુપિયા જ હતો. તેમાં વધુમાં વધુ ખર્ચ ખોરાક માટે કરવો પડે છે. જેમાં મુખ્યત્વે અનાજ પાછળનું ખર્ચ છે. ત્યારબાદ કપડાનું ખર્ચ આવે છે. જેમાં ઓછામાં ઓછુ ખર્ચ ખાંડ, ગોળ અને ચા માટે કરવામાં આવે છે. આ વસ્તુઓનો ઉપયોગ માત્ર ૨.૫ થી ૫.૦૦ એકર જમીનવાળા જ કરે છે. તે સિવાયના કુટુંબો નહી. આજ કુટુંબોમાં શિક્ષણ પાછળ માત્ર ૧૪ રુપિયાનું ખર્ચ છે. જે કુલ કુટુંબોમાં તો માત્ર ત્રણ રુપિયાનું ખર્ચ છે. શિક્ષણ પાછળ માત્ર સાત કુટુંબો ખર્ચ કરતો જોવા મળ્યા હતાં. આ સિવાય મસાલા, દારુ, બીડી, બળતણ મુસાફરી અને જોડા વગેરે પાછળ ૩૦ થી ૩૭ રુપિયા સુધીનું ખર્ચ દેખાય છે.

૧૯૭૦ અને ૧૯૮૦માં કરવામાં આવેલ કુટુંબદીઠ
કુલ ખર્ચ (રુપિયામાં)

| અ.નં. | ખર્ચ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | ખોરાક (અનાજ) | ૬૩૯ | ૮૭૫ |
| ૨. | શાકભાજી | ૧૯ | ૪૩ |
| ૩. | માંસ, માછલી, ઈંડા | ૨૯ | ૪૧ |
| ૪. | ખાંડ | ૦.૧૫ | ૨ |
| ૫. | ગોળ | ૧ | ૦.૬૧ |
| ૬. | તેલ | ૧૭ | ૩૭ |
| ૭. | ચા | ૦.૨૬ | ૨ |
| ૮. | મસાલા | ૨૫ | ૩૬ |
| ૯. | દારુ, તાડી | ખર્ચ બતાવવામાં આવ્યો નથી. | ૨૨ |
| ૧૦. | બીડી, તમાકુ | ૪૭ | ૩૭ |
| ૧૧. | બળતણ, દિવાસળી | ૨ | ૩૭ |
| ૧૨. | શિક્ષણ | ૪ | ૩ |

| અ.નં. | ખર્ચ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧૩. | કપડાં | ૧૧૦ | ૪૩૪ |
| ૧૪. | જોડાં | | ૩૦ |
| ૧૫. | સામાજિક-ધાર્મિક | ૬૨ | ૫૪ |
| ૧૬. | મુસાફરી | - | ૩૨ |
| ૧૭. | અન્ય ખર્ચ | ૩૧ | ૪૭ |
| ૧૮. | કુલ વાર્ષિક ખર્ચ | ૯૯૦ | ૧૭૩૯ |
| ૧૯. | કુલ માથાદીઠ ખર્ચ | ૮૨ | ૧૪૪ |
| ૨૦. | કુલ કુટુંબોની સંખ્યા | ૪૬ | ૩૩ |

તપાસના બન્ને વર્ષોમાં ખર્ચની વિગતો જોતાં લગભગ દરેકમાં ખર્ચ વધ્યો છે. જો કે મોંઘવારીના પ્રમાણમાં ખર્ચ વધે તે સ્વભાવિક છે. ૧૯૭૦માં તાડી પોતાની ખજુરી પરથી જ પીતા હોવાથી ખર્ચ જુદું બતાવેલ નહોતુ પણ ૧૯૮૦માં તે ખર્ચ બતાવવામાં આવેલ છે. આ સિવાય ૧૯૭૦ કરતાં ખૂબ વધી ગયો હોય તેવા ખર્ચમાં બળતણ, શાકભાજી, તેલ, કપડાં, જોડાં અને ખાંડમાં જોવા મળ્યો હતો. આ સિવાય વધતો લગભગ ખર્ચાઓમાં થયો છે. માત્ર બીડી તમાકુનો ખર્ચ વધવાને બદલે ઓછો માલુમ પડયો હતો, માથાદીઠ વાર્ષિક ખર્ચનું પ્રમાણ લગભગ બમણા જેટલું જોવા મળ્યું હતું. એટલે કે આવકો વધવા છતાં ખર્ચનું પ્રમાણ પણ સામે એટલું જ વધ્યું છે.

## દેવું :

આવકોના પ્રમાણમાં ખર્ચ ઓછું હોવા છતાં કેટલાક કુટુંબોએ દેવું કરવું પડે છે. જો કે જમીનવિહોણા કુટુંબોમાં ૧૯૭૦ અને ૧૯૮૦ બંને તપાસ વર્ષોમાં દેવું કરનાર એક પણ કુટુંબ ન હતું. પણ ખેતી કરવાવાળાં કુટુંબોમાં દેવું જોવા મળ્યું હતું. કારણ કે ખેતીની મોસમ સિવાય તેમની પાસે કંઈજ હોતું નથી. જેથી ખેતી કરવાવાળાઓને શાહુકારો મોસમમાંથી માલ કે પૈસા મળી રહેશે તે આશાએ થોડુ-ઘણું ધીરાણ કરે છે કે ઉધારે માલ આપે છે. જો કે વધુ પ્રમાણમાં દેવું કરવું હોય તો સામે આધાર તરીકે

જમીન કે ઘરેણાં મૂકવા પડે છે, જયારે મજૂરોની કોઈ સ્થાયી મિલકત નહીં હોવાથી તેઓને ધીરાણ કરતા નથી. ખેતીની જમીન ધરાવનાર જમીન તારણમાં મૂકીને તગાવી કે લોન સરકાર પાસેથી મેળવતા હોય છે, કે સહકારી મંડળીઓમાંથી ધીરાણ મેળવે છે. જયારે જમીન વિહોણા માટે તો સરકાર, સહકારી મંડળીઓ કે શાહુકારો પણ ધીરાણ કરતા નથી. માત્ર મજૂરી ઉપર ઘાસના કોન્ટ્રાક્ટરો થોડુંક ધીરે છે. જે મજૂરી કરીને વાળવાના હોય છે, તેમાં પુરેપૂરું શોષણ થાય છે. તે પણ બધા મજૂરોને નહીં પણ જે મજૂરો મજૂરી કરવા તેઓને ત્યાં આવે તેને જ. ૧૯૭૦માં પર ટકા કુટુંબો દેવાદાર હતાં, જયારે ૧૯૮૦ માં માત્ર ૯ ટકા કુટુંબોમાં જ દેવું હતું. એટલે કે દેવાદાર કુટુંબો ઘણાં ઓછાં જોવા મળ્યાં હતાં. તેનો અર્થ એવો નથી કે આર્થિક સ્થિતિ ખૂબ સુધરી ગઈ છે એટલે દેવાદાર કુટુંબો ઘટયાં છે. પણ નાણાં ધીરનાર સરકારી કાનૂનોને કારણે આધાર હોય તો જ નાણાં ધીરે છે તે સિવાય ધીરાણ કરતા નથી. અને સહકારી મંડળીઓ કામ કરતી નહીં હોવાથી તેમજ મુદત વીતી વર્ષોથી બાકી રકમો હોવાથી ધીરાણ મળતું નથી. જેથી દેવું ઓછું જોવા મળે છે.

<u>દેવાદાર કુટુંબો</u>

| હેતુ | દેવાદાર કુટુંબો | | | | કુલ દેવું(રુપિયામાં) | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૭૦ | | ૧૯૮૦ | | ૧૯૭૦ | | ૧૯૮૦ | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | રુા. | ટકા | રુા. | ટકા |
| ઘરખર્ચ | ૧૬ | ૬૬.૭ | - | - | ૧૧૩૦ | ૪૩.૧ | - | - |
| સામાજિક | ૨ | ૮.૩ | - | - | ૭૫૦ | ૨૮.૬ | - | - |
| ખેતી ખર્ચ અને ગાય, ભેંસ, બળદ ખરીદવા | ૬ | ૨૫.૦ | ૩ | ૧૦૦.૦ | ૭૪૨ | ૨૮.૩ | ૨૪૦૦ | ૧૦૦.૦ |
| કુલ... | ૨૪ | ૧૦૦.૦ | ૩ | ૧૦૦.૦ | ૨૬૨૨ | ૧૦૦.૦ | ૨૪૦૦ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૧૯૭૦માં ખેતી સિવાય અન્ય હેતુઓ માટે દેવું કરવામાં આવ્યું હતું. જેમાં ઘરખર્ચ મુખ્ય હતું. તે ઉપરાંત સામાજિક ખર્ચ પાછળ દેવું કરવું પડયું હતું., જ્યારે ખેતી ખર્ચ માટે ૨૫ ટકા દેવું હતું. ૧૯૮૦ માં ખેતી ખર્ચમાં ૧૦૦૦ રુપિયા અને ૨૪૦૦ રુપિયા દૂધાળાં ઢોર ખરીદવા દેવું કરવું પડયું હતું. જેમાં સરકાર અને સહકારી મંડળીનું જ દેવું હતું. જ્યારે ૧૯૭૦માં મુખ્યત્વે શાહુકારનું દેવું હતું. તે ઉપરાંત સહકાર, સહકારી મંડળી અને સગાસંબંધીઓ પાસેથી દેવું કરવામાં આવ્યું. એટલે કે દેવાનો હેતુ ૧૯૮૦માં બદલાયેલો જોવા મળ્યો છે.

મિલ્કત :

૧૯૭૦ના તપાસ વર્ષની મિલકતો આગળના પ્રકરણમાં વિગતે દર્શાવેલ છે. અહી ૧૯૮૦માં જે મિલકતો જોવા મળી હતી તે આગળના કોઠામાં બતાવ્યા પ્રમાણે હતી.

મિલકતમાં વર્તમાન કિંમતો પ્રમાણે ગણતાં ૧૯૭૦ કરતાં તેનું પ્રમાણ વધારે દેખાય છે. વધુમાં વધુ મિલકતના રુપમાં જમીનો છે. જે કુટુંબદીઠ ૬૭૧૨ રુપિયાની હતી. ૧૯૭૦માં ૧૯૦૭ રુપિયાની હતી. આટલો મોટો ફર્ક લાગવાનું કારણ જમીનોનો વધારો નહીં પણ જમીનોની કિંમતો વધવા માંડી છે તેનો છે. ત્યારબાદ પોતાની માલિકીનાં ઝાડોની કિંમત મિલ્કતના રુપમાં આવે છે. તેજ રીતે ઘેરની કિંમતો ગણતા સ્થાવર મિલકત તરીકે અન્ય મિલકતોમાં અગત્યની મિલકત છે, કારણ કે પહેલાં જંગલોમાં સરળતાથી લાકડું મળતું હતું આજે લાકડું લાવવું મુશ્કેલ છે. તેથી લાકડું, નળિયાં, મજૂરી વગેરે મોંઘા થતાં નવું ઘર બાંધવું વારલીઓ માટે ઘણું મુશ્કેલ છે. આ સિવાય મિલ્કતના રુપમાં ઘરેણાં, કૂવા, ખેતીનાં સાધનો અને પશુઓ અને ઘરવખરીના સાધનો હતાં.

પ્રસ્તુત પ્રકરણમાં ૧૯૭૦ અને ૧૯૮૦ની યથાસ્થિતિનો ખ્યાલ આવે છે. સાથે સાથે એક દાયકામાં થયેલા પરિવર્તનોની ઝાંખી પણ થાય છે. આ પછીના પ્રકરણમાં ૧૯૮૯ના વર્ષની યથાસ્થિતિ દર્શાવી છે. જેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાથી તપાસના બંને દાયકા દરમ્યાન થયેલા પરિવર્તનો કંઈક અંશે જોઈ શકાશે. વારલીઓની ૧૯૭૦-૧૯૮૦ અને ૧૯૮૯ની પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા આ બંને પ્રકરણો ને સાથે રાખી ચકાસવાથી વિગતે ખ્યાલ આવશે.

..૪૧..

## જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકત (રૂપિયામાં) (૧૯૮૦)

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન | મકાન | ઝાડ | પશુઓ | ખેતીના સાધનો | કૂવા | ઘરવખરીના સાધનો | ઘરેણાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ – ૨.૫ | ૧૭ | ૪૩૨૩ | ૫૩૫ | ૨૬૨ | ૮૯૮ | ૨૨૧ | – | ૧૪૦ | ૩૯ | ૬૪૧૮ |
| ૨.૫ થી ૫.૦ | ૭ | ૯૫૦૦ | ૧૪૮૫ | ૪૭૨ | ૭૭૭ | ૧૬૧૧ | – | ૩૭૯ | ૧૫૯ | ૧૪૩૮ |
| ૫.૦ થી ૭.૫ | ૫ | ૧૬૩૦૦ | ૨૫૦૦ | ૨૨૧૦ | ૧૧ | ૩૭૦ | ૩૦૦ | ૩૬૦ | ૧૫૯ | ૨૩૩૦૦ |
| જમીનવિહોણા | ૪ | – | ૪૨૫ | – | – | – | – | ૮૮ | ૨૭ | ૫૪૧ |
| કુલ... | ૩૩ | ૬૭૧૨ | ૧૦૨૧ | ૫૭૦ | ૭૯૪ | ૫૧૧ | ૪૫ | ૨૧૦ | ૮૧ | ૯૯૫૩ |

## પ્રકરણ – ૫

### મલાવગામના પસંદ થયેલા વારલી કુટુંબોનો યથાસ્થિતિ અહેવાલ : ૧૯૮૯

૧૯૭૦ની પ્રથમ તપાસ વખતે મલાવ ગામમાંથી પસંદ થયેલા વારલી-જાતિના કુલ ૪૬ કુટુંબોમાંથી ૧૯૮૦ની તપાસ વખતે ૩૩ કુટુંબો હયાત હતાં. જ્યારે ૧૯૮૯ની પુનઃ તપાસ વખતે માત્ર ૧૭ કુટુંબો હયાત હતા. તેની વિગતો અહીં જુદા જુદા કોઠાઓમાં દર્શાવી છે.

#### ૧૯૮૯માં તપાસેલ કુટુંબોનું જમીનના કદ પ્રમાણે ગોત્રવાર વર્ગીકરણ

| અ.નં. | ગોત્ર | જમીનનું કદ (એકરમાં) ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦૦ | ૫.૧થી ઉપર | કુલ કુટુંબ |
|---|---|---|---|---|---|
| ૧. | વાઘદડા | ૧ | – | – | ૧ |
| ૨. | મસીયા | ૧ | – | – | ૧ |
| ૩. | દુમાડા | ૧ | ૧ | – | ૨ |
| ૪. | બામણિયા | ૧ | – | – | ૧ |
| ૫. | બારઘા | – | ૧ | – | ૧ |
| ૬. | વખવી | – | ૧ | – | ૧ |
| ૭. | ઓજરીયા | – | ૧ | – | ૧ |
| ૮. | ફરલીયા | – | ૧ | – | ૧ |
| ૯. | વાઢીયા | – | ૨ | – | ૨ |
| ૧૦. | વધાત | – | ૧ | – | ૧ |
| ૧૧. | સાયલકર | – | ૧ | – | ૧ |
| ૧૨. | ગાંગળ | – | ૧ | – | ૧ |
| ૧૩. | ભેકરા | – | ૧ | – | ૧ |
| ૧૪. | બારાત | – | – | ૧ | ૧ |
| ૧૫. | ચાપટા | – | – | ૧ | ૧ |
| | કુલ.. | ૪ | ૧૧ | ૨ | ૧૭ |

વારલી જાતિની વસ્તી ધરાવતા મલાવ ગામની પુન: તપાસ વખતે પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા કુટુંબોનું ગોત્રવાર વર્ગીકરણ ઉપરના કોઠામાં દશાવવામાં આવ્યું છે. તપાસના કુલ ૧૭ કુટુંબો જુદા જુદા ૧૫ ગોત્ર ધરાવતા હતા. વારલીઓની ગોત્ર વ્યવસ્થા જોઈએ તો મલાવગામમાં જુદા જુદા ૮૦ જેટલા ગોત્ર (અટકો) જોવા મળી હતી.

નમૂનાના કુટુંબોના ઘરોના ક્ષેત્રફળ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| મકાનનું ક્ષેત્રફળ | જમીન ધારણના કદપ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ<br>૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|
| ૧૦ X ૧૫ | ૨ | ૨ | ૧ | ૫<br>(૨૯.૪) |
| ૨૦ X ૧૫ | ૨ | ૫ | - | ૭<br>(૪૧.૨) |
| ૨૫ X ૨૦ | - | - | - | - |
| ૩૦ X ૨૦ | - | ૨ | ૧ | ૩<br>(૧૭.૬) |
| ૩૦ X ૨૫ | - | ૧ | - | ૧<br>(૫.૯) |
| ૪૦ X ૩૦ | - | ૧ | - | ૧<br>(૫.૯) |
| કુલ.. | ૪<br>(૨૩.૫) | ૧૧<br>(૬૪.૭) | ૨<br>(૧૧.૮) | ૧૭<br>(૧૦૦.૦) |

નમૂનાના કુલ કુટુંબોમાંથી ૨૯.૪ ટકા કુટુંબોના ઘરો ૧૦ X ૧૫ ચો.ફૂટ, ૪૧.૨ ટકા કુટુંબોના ઘરો ૨૦ X ૧૫ ચો.ફૂટ, ૧૭.૬ ટકા કુટુંબોના ઘરો ૩૦ X ૨૦ ચો.ફૂટ, ૫.૯ ટકા કુટુંબોના ઘરો ૩૦ X ૨૫ ચો.ફૂટ અને ૫.૯ ટકા કુટુંબોના ઘરો ૪૦ X ૩૦ ચો.ફૂટ ક્ષેત્રફળ ધરાવતા હતા. તપાસમાં લીધેલા વારલીઓના ઘરો ખૂબજ નાના અને કાચા જોવા મળ્યા હતા. ઘરોમાં કોઈ ખાસ સુધારાવધારા જોવા મળ્યા નહતા. નમૂનાના વારલી કુટુંબોના ઘરોની સ્થિતિ નીચે દશાવેલ કોઠા ઉપરથી જોઈ શકાય છે.

..૪૪..

## વારલી જાતિનાં નમૂનાનાં કુટુંબોના ઘરોની સ્થિતિ

| અ.નં. | મકાનની વિગત | જમીનનું કદ (એકરમાં) 0 થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪ (૨૩.૫) | ૧૧ (૬૪.૭) | ૨ (૧૧.૮) | ૧૭ (૧૦૦.૦) |
| ૨. | મકાનનો પ્રકાર | | | | |
| | કાચું | ૪ | ૧૧ | ૨ | ૧૭ (૧૦૦.૦) |
| | પાકું | - | - | - | - |
| ૩. | ઓરડાની સંખ્યા | | | | |
| | ૧ ઓરડો | ૧ | ૩ | ૧ | ૫ (૨૯.૪) |
| | ૨ ઓરડા | ૩ | ૪ | - | ૭ (૪૧.૨) |
| | ૩ ઓરડા | - | ૪ | ૧ | ૫ (૨૯.૪) |
| ૪. | દિવાલનો પ્રકાર: | | | | |
| | કરાંઠી | ૪ | ૧૧ | ૨ | ૧૭ (૧૦૦.૦) |
| ૫. | છાપરાનો પ્રકાર: | | | | |
| | ઘાસપાન | ૩ | ૩ | ૧ | ૭ (૪૧.૨) |
| | દેશી-વિલાયતી નળીયાં | ૧ | ૮ | ૧ | ૧૦ (૫૮.૮) |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ કુલ કુટુંબોમાંથી ૨૩.૫ ટકા કુટુંબો ૦ થી ૨.૫ એકર સુધી, ૬૪.૭ ટકા કુટુંબો ૨.૬ થી ૫.૦ એકર સુધી અને ૧૧.૮ ટકા કુટુંબો ૫.૧ એકરથી વધારે જમીન ધરાવતા હતા. જમીનધારણના કદમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નહતો.

નમૂનાના કુટુંબોના ઘરો કાચાં અને કરાંઠીની દિવાલવાળા જોવા મળ્યા હતાં. ઘરોની ઉપરનું છાજ ૪૧.૨ ટકા ઘરો ઉપર ઘાસ-પાનનાં અને પ્રxxx ૫૮.૮ ટકા ઘરો ઉપર દેશીનળિયાં અને વિલાયતી થાપડાવાળા હતાં. કુલ ઘરોમાંથી ૨૯.૪ ટકા ઘરો એક ઓરડાવાળા, ૪૧.૨ ટકા ઘરો બે ખંડવાળા અને બાકીના ૨૯.૪ ટકા ઘરો ત્રણ ખંડોવાળા હતા. જેમાં ઓસરીનો પણ સમાવેશ થતો હતો. વારલીઓના કોઈ ઘર પાકા ન હતા. ગામમાં વસતી ધોડીજાતિના કેટલાંક ઘરો પાકાં જોવા મળ્યાં હતાં.

નમૂનાનાં કુટુંબોનું જમીનના કદપ્રમાણે અને સભ્ય સંખ્યાનું વર્ગીકરણ

| જમીનનું કદ (એકરમાં) | કુલ કુટુંબ | કુલ સભ્ય સંખ્યા પુરુષ | સ્ત્રી | કુલ | કુટુંબકદ |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૪ | ૧૩ | ૧૦ | ૨૩ (૨૦.૫) | ૫.૭૫ |
| ૨.૬ થી ૫.૦ | ૧૧ | ૩૮ | ૩૮ | ૭૬ (૬૭.૯) | ૭.૦૦ |
| ૫.૧થી ઉપર | ૨ | ૫ | ૮ | ૧૩ (૧૧.૬) | ૬.૫૦ |
| કુલ | ૧૭ | ૫૬ (૫૦.૦) | ૫૬ (૫૦.૦) | ૧૧૨ (૧૦૦.૦) | ૬.૬૦ |

ઉપરના કોઠામાં જમીનના કદ પ્રમાણે કુટુંબો અને સભ્ય સંખ્યાનું વર્ગીકરણ જોતાં ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતાં કુલ ૪ કુટુંબોની સભ્ય સંખ્યા કુલ સભ્ય સંખ્યાના ૨૦.૫ ટકા જેટલી હતી. ૨.૬ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા ૧૧ કુટુંબોની સભ્ય સંખ્યા કુલ સભ્ય સંખ્યાના ૬૭.૯ ટકા હતી જ્યારે ૫.૧ એકર કરતાં વધુ જમીન ધરાવતા ૨ કુટુંબોની સભ્ય સંખ્યા કુલ સભ્ય સંખ્યાના ૧૧.૬ ટકા જેટલી હતી.

કુટુંબનું કદ :

નમૂનાના વારલી કુટુંબોની સંખ્યા અને સભ્ય સંખ્યાને આધારે જોતાં સરેરાશ કુટુંબનું કદ ૬.૬ માણસોનું હતું. એટલે કે એક કુટુંબમાં સાડાછ માણસો ભેગા રહેતા હતાં.

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| વયજૂથ | સભ્ય સંખ્યા પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ૦ થી ૬ | ૮ | ૧૫ | ૨૩ | (૨૦.૫) |
| ૭ થી ૧૪ | ૬ | ૨ | ૮ | (૭.૧) |
| ૧૫ થી ૨૫ | ૧૫ | ૧૭ | ૩૨ | (૨૮.૬) |
| ૨૬ થી ૩૫ | ૧૦ | ૬ | ૧૬ | (૧૪.૩) |
| ૩૬ થી ૫૦ | ૩ | ૪ | ૭ | (૬.૨) |
| ૫૧ થી ૬૦ | ૯ | ૭ | ૧૬ | (૧૪.૩) |
| ૬૧ થી ઉપર | ૫ | ૫ | ૧૦ | (૯.૦) |
| કુલ | ૫૬ (૫૦.૦) | ૫૬ (૫૦.૦) | ૧૧૨ (૧૦૦.૦) | (૧૦૦.૦) |

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૧૧૨ની હતી જેમાં ૫૦ ટકા પુરુષ સભ્યો અને ૫૦% સ્ત્રી સભ્ય સંખ્યા હતી. કુલ સભ્ય સંખ્યામાંથી ૨૦.૫ ટકા સભ્યો ૦ થી ૬ વર્ષના, ૭.૧ ટકા સભ્યો ૭ થી ૧૪ વર્ષની વયના, ૨૮.૬ ટકા સભ્યો ૧૫ થી ૨૫ વર્ષની વયના, ૧૪.૩ ટકા સભ્યો ૨૬ થી ૩૫ વર્ષની વયના, ૬.૨ ટકા સભ્યો ૩૬ થી ૫૦ વર્ષની વયના, ૧૪.૩ ટકા સભ્યો ૫૧થી ૬૦ વર્ષની વયના તેમજ ૯ ટકા સભ્યો ૬૧ વર્ષની ઉપરની વયના હતા. જેઓ મોટેભાગે સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતા હતા.

**કુટુંબનો પ્રકાર :**

| કુટુંબનો પ્રકાર | કુટુંબ સંખ્યા | કુલ કુટુંબ સંખ્યા |
|---|---|---|
| સંયુક્ત | ૧૩ (૭૬.૫) | ૧૩ |
| વિભક્ત | ૪ (૨૩.૫) | ૪ |
| કુલ | ૧૭ (૧૦૦.૦) | ૧૭ |

નમૂનાના કુલ વારલી કુટુંબોમાંથી ૭૬.૫ ટકા કુટુંબો સંયુકત અને ૨૩.૫ ટકા કુટુંબો વિભકત હતા. ઉપર મુજબ નમૂનાના કુટુંબનો પ્રકાર જોયા પછી અભ્યાસના નમૂનાના કુટુંબોની સભ્યોનો વૈવાહિક દરજ્જો જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૬૪.૩ ટકા સભ્યો પરિણિત, ૩૪.૮ટકા સભ્યો અપરિણિત અને ૦.૯ ટકા સભ્યો વિધુર હતા. નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ નીચેના કોઠામાં જોઈ શકાય છે.

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનો
વૈવાહિક દરજ્જો

| વૈવાહિક દરજ્જો | સભ્ય સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
| પરિણિત | ૩૬ | ૩૬ | ૭૨ | ૬૪.૩ |
| અપરિણિત | ૧૯ | ૨૦ | ૩૯ | ૩૪.૮ |
| વિધુર/વિધવા | ૧ | – | ૧ | ૦.૯ |
| કુલ | ૫૬ | ૫૬ | ૧૧૨ | ૧૦૦.૦ |

ઉપરના કોઠામાં નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનો વૈવાહિક દરજ્જો જોયા પછી હવે જમીનના કદ પ્રમાણે કમાનાર અને નહિકમાનાર સભ્યોની વિગતો જોઈશું.

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | કમાનાર | | | નહિકમાનાર | | | કુલ સભ્યો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | |
| ૦ થી ૨.૫ | ૪ | ૯ | ૭ | ૧૬ | ૪ | ૩ | ૭ | ૨૩ |
| ૨.૬ થી ૫.૦ | ૧૧ | ૨૮ | ૧૮ | ૪૬ | ૧૦ | ૨૦ | ૩૦ | ૭૬ |
| ૫.૧થી ઉપર | ૨ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ | ૪ | ૧૩ |
| કુલ | ૧૭ | ૪૧ | ૩૦ | ૭૧ | ૧૫ | ૨૬ | ૪૧ | ૧૧૨ |
| | | (૫૭.૭) | (૪૨.૩) | (૬૩.૪) | (૩૬.૬) | | (૩૬.૪) | |
| | | | | | | (૬૩.૪) | | (૧૦૦.૦) |

ઉપરના કોઠામાં જોઈ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાંથી ૬૩.૪ ટકા સભ્યો કમાનાર હતા. કમાનાર સભ્યોમાં ૫૭.૭ ટકા પુરુષો અને ૪૨.૩ ટકા સ્ત્રીઓ હતી. જયારે ૩૬.૪ ટકા સભ્યો બિનકમાનાર હતા. જેમાં ૩૬.૬ ટકા પુરુષ સભ્યો અને ૬૩.૪ ટકા સ્ત્રી સભ્યો કમાનાર સભ્યો પર આધારિત હતા. જેઓ કોઈ કામ કરતા ન હતા. દરેક કુટુંબોને પોતાના જીવન નિર્વાહ માટે જુદા જુદા ધંધા પર આધાર રાખવો પડતો હતો.

નમૂનાના કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ધંધાનું નામ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|
| ખેતી | ૧૭ | (૧૦૦.૦) |
| ખેતીમજૂરી | ૧૪ | (૮૨.૩) |
| નોકરી | ૧૦ | (૫૮.૮) |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ દરેક કુટુંબો ખેતી પર નિર્ભર હતા. ઓછી જમીન, અને જમીનની ઉત્પાદકતા નીચી હોવાથી વર્ષભર ચાલે તેટલું અનાજ પણ ન લઈ શકવાને કારણે દરેક ખેતી કરતા કુટુંબો ખેતીની સાથે ખેતીમજૂરી અને આજુબાજુના કારખાનાઓમાં નોકરી કરીને જીવનનિર્વાહ ચલાવતા હતા. દરેક કુટુંબની પાસેની જમીન પણ નહિવત હતી. કુલ ૧૭ વારલી કુટુંબોમાંથી ૪ કુટુંબો ૦ થી ૨.૫ સુધીનું જમીનનું કદ ધરાવતા હતા. તેમની પાસે કુલ ૭.૧૦ એકર જેટલી જમીન હતી. એટલે કે દરેક કુટુંબ પાસે સરેરાશ ૧.૩૨ (એકર ગૂંઠા) જમીન હતી. ૨.૬ એકરથી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૧ હતી જેમની પાસે કુલ ૩૮.૧૬ એ.ગૂ. જમીન હતી. એટલે કે દરેક કુટુંબ પાસે ૩.૨૯ (એકર ગૂંઠા) જેટલી જમીન હતી. જયારે બાકીના બે કુટુંબો ૫.૧ એકરથી વધારે જમીન ધરાવતા હતા. તેમની પાસે કુલ ૧૪.૨૭ એકર જેટલી જમીન હતી એટલેકે દરેક કુટુંબ પાસે ૭.૧૩ એકર જેટલી જમીન હતી.

નમૂનાના કુલ કુટુંબોના સંદર્ભમાં જોઈએ તો સરેરાશ જમીનનું કદ ૩.૨૧ એકર જેટલું હતું. એકલી વરસાદ પર આધારીત ખેતી હોવાને કારણે વર્ષભર ચાલે તેટલું અનાજનું ઉત્પાદન થતું ન હોવાથી દરેક કુટુંબને ખેતી સિવાયના અન્ય ધંધા રોજગાર ઉપર અવલંબિત રહેવું પડતું હતું. નમૂનાના કુટુંબો પાસેની અસ્કયામત પણ ઘણી ઓછી જોવા મળી હતી. વારલીઓની અસ્કયામતનાં સાધનોમાં ઝાડ, ઘર, પશુધન, માલિકીનાં ઓજારો, વાસણો, ફર્નિચરનાં સાધનો તેમજ મોજશોખની ચીજવસ્તુઓ વિગેરે તપાસ દરમ્યાન જોવા મળી હતી. તેની કિંમતો નીચેના કોઠામાં દર્શાવી છે.

તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોની અસ્કયામત

**ઘર :**

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલ દરેક કુટુંબ પાસે પોતાનું કાચું, કરાંઠીની દિવાલવાળું અને ઘાસપાન તેમજ દેશી નળિયાં અને વિલાયતી નળિયાં વાળાં ૧૭ રહેઠાણ હતાં. જમીન ધારણના કદ પ્રમાણે તપાસેલા નમૂનાના કુટુંબો પાસેની અસ્કયામતો.

| | વિગત | જમીનનું કદ<br>૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| (૧) | કુટુંબની સંખ્યા | ૪ | ૧૧ | ૨ | ૧૭ |
| (૨) | ઝાડની સંખ્યા | | | | |
| | આંબા | ૯ | ૨૧ | - | ૩૦ |
| | મહુડા | - | ૧ | - | ૧ |
| | વાંસ | ૯૦ | ૧૫ | - | ૧૦૫ |
| | કુલ | ૯૯ | ૩૭ | - | ૧૩૬ |

...૫૦..

| | વિગત | જમીનનું કદ<br>૦ થી<br>૨.૫ | <br>૨.૬ થી<br>૫.૦ | <br>૫.૧થી<br>ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| (૩) | <u>પશુધન</u> | | | | |
| | ગાય | ૪ | ૯ | – | ૧૩ |
| | ભેંસ | – | – | – | – |
| | પાડા | – | – | ૨ | ૨ |
| | બકરાં–ઘેટાં | ૧ | – | – | ૧ |
| | બળદ | ૫ | ૧૩ | ૧ | ૧૯ |
| | વાછરડા | ૧ | – | – | ૧ |
| | વાછરડી | ૨ | ૨ | – | ૪ |
| | મરઘાં | ૪ | ૧૬ | ૧૦ | ૩૦ |
| | કુલ | ૧૭ | ૪૦ | ૧૩ | ૭૦ |
| (૪) | <u>માલિકોનાં ઓજારો.</u> | | | | |
| | લાકડાનાં હળ | ૪ | ૧૦ | ૨ | ૧૬ |
| | સમાર | ૪ | ૧૦ | ૨ | ૧૬ |
| | નાનાં ઓજારો | ૧૧ | ૪૩ | ૬ | ૬૦ |
| | ગાડુ | ૧ | ૧ | – | ૨ |
| | કૂવો | – | ૧ | – | ૧ |
| | કુલ | ૨૦ | ૬૫ | ૧૦ | ૯૫ |
| (૫) | <u>વાસણો</u> : | | | | |
| | બેડાં–પિત્તળ | ૪ | ૪ | ૨ | ૧૦ |
| | સ્ટીલ | ૧ | ૧૧ | ૧ | ૧૩ |
| | એલ્યુમિનિયમ | ૧૫ | ૫૦ | ૧૧ | ૭૬ |
| | પિત્તળ | ૬ | ૨૫ | ૪ | ૩૫ |
| | સ્ટીલ | ૩૩ | ૧૭૨ | ૨૩ | ૨૨૯ |

| વિગત | જમીનનું કદ | | | |
|---|---|---|---|---|
| | ૦.થી ૨.૫ | ૨.૬થી ૫.૦ | ૫.૧થી ઉપર | કુલ |
| માટીનાં વાસણો | ૧૦ | ૩૨ | ૫ | ૪૭ |
| કાચનાં વાસણ | ૯ | ૨૩ | ૨ | ૩૪ |
| કુલ | ૭૮ | ૩૧૭ | ૪૮ | ૪૪૩ |

(૬) <u>ફર્નિચરનાં સાધનો</u>

| | | | | |
|---|---|---|---|---|
| ખાટલા | – | ૬ | ૧ | ૭ |
| ટેબલ | – | ૧ | – | ૧ |
| સાયકલ | – | ૧ | ૧ | ૨ |
| ઘડિયાળ-કાંડા | – | ૭ | ૧ | ૮ |
| રેડિયો | – | – | ૨ | ૨ |
| ચીમની | ૪ | ૧૧ | ૨ | ૧૭ |
| ટોપલાં/ટોપલીઓ | ૯ | ૨૬ | ૫ | ૪૦ |
| ઘંટી | ૪ | ૧૧ | ૨ | ૧૭ |
| પ્રાયમસ | – | ૨ | ૧ | ૩ |
| પેટી | – | ૨ | ૧ | ૩ |
| બેટરી | – | ૨ | ૧ | ૩ |
| કુલ | ૧૭ | ૬૯ | ૧૭ | ૧૦૩ |

<u>ઝાડ</u> :

ઉપરના અસ્કયામત દર્શાવતા કોઠા મુજબ જોઈએ તો નમૂનાનાં દરેક કુટુંબ પાસે ઝાડ જોવા મળ્યા ન હતાં. તપાસમાં લીધેલા કુલ ૧૭ કુટુંબોમાંથી ૪ કુટુંબ પાસે ૯ આંબા અને ૯૦ વાંસ હતા. ૧૧ કુટુંબો પાસે ૨૧ આંબા, ૧ મહુડો અને ૧૫ વાંસ હતા. કુટુંબદીઠ સરેરાશ ઝાડની સંખ્યા વાંસ સાથે ૮ની હતી.

પશુધન :

નમૂનાના વારલી કુટુંબોની પશુધનની વિગતોને ધ્યાનમાં લેઈએ તો કુલ ૧૩ ગાય, ૨ પાડા, ૧ બકરુ, ૧૯ બળદ, ૧ વાછરડો અને ૪ વાછરડી જોવા મળી હતી. આ ઉપરાંત નમૂનાના દરેક કુટુંબ પાસે એક-બે મરઘાં પણ હતાં.

દરેક ખેડૂત કુટુંબ હોવા છતાં તેમની પાસે માત્ર એક એક બળદ જોવા મળ્યો હતો. ખેતીના સમયે ભાગે અથવા તો એક બીજાની મદદ લઈ ખેતી કરતા જોવા મળ્યા હતા. દૂધાળાં ઢોરમાં માત્ર ૧૩ કુટુંબ પાસે એક એક ગાય જોવા મળી હતી. ભેંસ કોઈ કુટુંબ પાસે નહતી. નમૂનાનાં કુટુંબો પાસે મરઘાંની સંખ્યા બાદ કરતા દરેક કુટુંબ પાસે બે પશુઓ કુટુંબદીઠ જોવા મળ્યાં હતાં.

માલિકીનાં યંત્રો-ઓજારો :

પ્રસ્તુત તપાસનાં દરેક કુટુંબ પાસે એક એક હળ અને સમાર જોવા મળ્યાં હતાં. ગાડુ માત્ર બેજ કુટુંબો પાસે હતું. અને એક કુટુંબને પોતાનો માલિકીનો કૂવો હતો. જે ૧૯૮૮-૮૯ના વર્ષમાં જીવનધારા યોજના હેઠળ બનાવી આપેલ હતો. વારલીઓ પાસે ખેતી માટેનાં સાધનો ઘણાં જૂનાં હતાં. કોઈ ખેડૂત કુટુંબ પાસે લોખંડનું હળ કે કરબ જોવા મળ્યો નહતો. નાનાં ઓજારોમાં ખાસ કરીને કુહાડી, દાતરડું અને હળ માટે ઉપયોગી કોસ મુખ્ય હતાં.

વાસણો :

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલાં દરેક કુટુંબ પાસેના વાસણોની વિગતો જોઈએ તો વારલીઓ પાસે સ્ટીલ/પિત્તળના બેડાં, એલ્યુમિનિયમનાં થાળી-વાડકા, તપેલી, પિત્તળના લોટા અને એકાદ થાળી, સ્ટીલના પ્યાલા, થાળી-વાડકી, કાચનાં નાનાં સાધનો તેમજ માટીનાં વાસણોમાં માટલાં જોવા મળ્યા હતાં. દરેક કુટુંબ પાસે બધાં મળીને સરેરાશ ૨૬ જેટલાં વાસણો જોવા મળ્યાં હતાં. એક બે કુટુંબો પાસે પિત્તળની ડોલ પણ જોવા મળી હતી.

ફર્નિચર અને મોજશોખનાં સાધનો :

વારલી કુટુંબો પાસે ફર્નિચરમાં સાત કુટુંબો પાસે ખાટલા અને ૧ કુટુંબ પાસે લાકડાનું સોનું ટેબલ જોવા મળ્યું હતું. બે કુટુંબ પાસે સાયકલ, ૮ કુટુંબો પાસે કાંડા ઘડિયાળ જોવા મળી હતી. આ સિવાય ચીમની, ટોપલાં ટોપલીઓ અને ઘંટી દરેક કુટુંબો પાસે હતી. માત્ર ૨ કુટુંબો પાસે પ્રાયમસ, પેટી-બેટરી, જેવી વસ્તુઓ જોવા મળી હતી. વારલીઓ હજુપણ સૂવા માટે ખાટલા કે ગોદડીઓનો ઉપયોગ કરતા નથી. કોઈકજ કુટુંબ પાસે ગોદડી- જોવા મળશે. આ રીતે વારલીઓ પાસેની અસ્કયામત નું પ્રમાણ એકંદરે ખૂબ ઓછું જોવા મળ્યું હતુ. ઉપર મુજબ તપાસેલા નમૂનાના કુટુંબોની ભૌતિક સંસ્કૃતિ અને તેમની અસ્કયામતોની વિગતો જોયા પછી દરેક કુટુંબોની જુદા જુદા સાધનોમાંથી થતું ઉત્પાદન, આવક અને ખર્ચ વિષે જોઈએ.

નમૂનાના કુટુંબોનું ખેતી અને પશુપાલનમાંથી થતું કુલ ઉત્પાદન :

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા અભ્યાસ હેઠળનાં કુટુંબો પોતાનો જીવનનિર્વાહ ચલાવવા માટે ખેતી, પશુપાલન, અને વન્યપેદાશો એકઠી કરીને જીવન નિભાવતા હતા. દરેક કુટુંબોને ખેતી, પશુપાલન અને વન્ય પેદાશોમાંથી કુલ ૪૯૪૫૫ રૂા. જેટલી આવક થતી હતી. જેમાં કુલ આવકના ૮૫.૫ ટકા આવક ખેતીમાંથી, ૪.૩ ટકા આવક પશુપાલન, અને ૧૦.૨ ટકા આવક વન્ય પેદાશોમાંથી થતી હતી.

નમૂનાના કુટુંબોની જમીનના કદ પ્રમાણે આ આવક જોઈએ તો ૦ થી ૨.૫ એકર સુધીનીજમીન ધરાવતા ચાર કુટુંબોને કુલ ૮૮૪૦ રૂા., ૨.૬ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા ૧૧ કુટુંબોને ૩૩૫૮૦ રૂા. અને ૫.૧ એકરથી ઉપરની જમીન ધરાવતા ૨ કુટુંબોને રૂા.૭૦૩૫ જેટલી આવક થતી હતી. દરેક કુટુંબોને જમીનના કદપ્રમાણે કુટુંબદીઠ આવક જોઈએ તો અનુક્રમે રૂા.૨૨૧૦, ૨૮૦૦ અને ૩૫૧૮ રૂા. જેટલી આવક થતી હતી.

ઉત્પાદન ખર્ચ :

નમૂનાના દરેક કુટુંબોને ખેતી, પશુપાલન અને વન્ય પેદાશોમાંથી થતી કુલ ૪૯૪૫૫ રૂા.ની આવક મેળવવા પાછળ કુલ ૧૧૧૦૦ રૂા. જેટલું

..૫૪.

ખર્ચ થયું હતું. જેમાં ખેતીના સાધનોનું મરામત ખર્ચ, સાધનો, બિયારણ, પશુપાલન માટે ઘાસચારો અને ખાણ તેમજ ખેતી મજૂરોના ખર્ચનો સમાવેશ થતો હતો.

<u>ચોખ્ખી આવક</u> :

નમૂનાના દરેક કુટુંબોની કુલ આવક રૂા.૪૯૪૫૫, જેટલી થતી હતી જેની પાછળ થતું કુલ ખર્ચ ૧૧,૧૦૦ રૂા. બાદ કરતાં કુલ ચોખ્ખી આવક રૂા.૩૮,૩૫૫ જેટલી ખેતી-પશુપાલન અને વન્ય પેદાશોમાંથી થતી હતી. જમીનના કદ પ્રમાણે જોઈએ તો ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા કુલ ૪ કુટુંબોને ૬૭૬૦ રૂા. ચોખ્ખી આવક થતી હતી. કુટુંબદીઠ ૧૬૯૦રૂા. જેટલી આવક થતી હતી. ૨.૬ એકરથી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા નમૂનાના ૧૧ કુટુંબોને કુલ ૨૬,૩૯૫ રૂા. જેટલી ચોખ્ખી આવક પ્રાપ્ત થતી હતી. જેમની કુટુંબદીઠ આવક ૨૨૦૦ રૂા. જેટલી હતી. ૫.૧ એકરથી ઉપરની જમીન ધરાવતા ૨ કુટુંબોને કુલ ૫૨૦૦ રૂા. જેટલી ચોખ્ખી આવક થતી હતી. જેમની કુટુંબદીઠ આવક રૂા.૨૬૦૦ હતી. નમૂનાના દરેક કુટુંબની સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક ૨૨૫૬ રૂા. જેટલી હતી.

નમૂનાના દરેક કુટુંબોને જે ઉત્પાદન થતું હતું તેમાંથી ૯૩.૫ ટકા ઉત્પાદનની આવક ઘરમાંજ જુદા જુદા ખર્ચાઓમાં વપરાતી હતી. જ્યારે માત્ર ૬.૫ ટકા આવક ઉત્પાદનનું વેચાણ થતું હતું. ઉપર મુજબ કુલ ઉત્પાદન અને તેની આવકનું પ્રમાણ જોયા પછી નમૂનાના દરેક કુટુંબોને ખેતી, પશુપાલન અને વન્ય પેદાશ ઉપરાંત મજૂરી,ગૃહઉદ્યોગ નોકરી અને અન્ય સાધનોની કુલ આવકનું પ્રમાણ જોઈએ.

<u>કુલ આવક</u> :

નમૂનાના દરેક કુટુંબોની જુદા જુદા સાધનોમાંથી થતી કુલ આવક જોઈએ તો ખેતી પશુપાલન, મજૂરી,ગૃહઉદ્યોગ તેમજ નોકરીમાંથી કુલ ૧૮૬૩૮૫ રૂા. જેટલી આવક થતી હતી. જમીનના કદ પ્રમાણે દરેક કુટુંબોની કુલ આવક જોઈએ તો ૨.૫ એકર સુધીની ૪ કુટુંબોને દરેક સ્ત્રોતની કુલ ૩૨૮૯૦ રૂા. જેટલી થઈ હતી. ૨.૬ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા ૧૧ કુટુંબોને કુલ ૧૩૮૦૫૦ રૂા. જેટલી આવક થતી હતી.

૫.૧ થી ઉપરની જમીન ધરાવતા ૨ કુટુંબોને કુલ ૧૫૪૪૫ રૂા. જેટલી આવક થતી હતી. દરેક કુટુંબોની કુલ કુટુંબદીઠ આવક જમીનના કદ પ્રમાણે અનુક્રમે ૮૨૨૩ રૂા., ૧૧૫૦૪ રૂા., અને ૭૭૨૩ રૂા. જેટલી આવક થતી હતી. કુલ આવકના સંદર્ભમાં કુલ કુટુંબદીઠ આવક ૧૦૯૬૪ રૂા. જેટલી હતી.

જમીનના કદ પ્રમાણે નમુનાના કુટુંબોની આવક (ઉત્પાદનની) ચોખ્ખી આવક, ઘરમાં વાપરેલ અને વેચેલ ઉત્પાદન તેમજ આવકના સ્ત્રોત મુજબ કુલ આવકનું પ્રમાણ નીચેના કોઠામાં દર્શાવ્યું છે. કોઠો જોવાથી વિગતે ખ્યાલ આવશે.

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું ખેતી અને પશુપાલનમાંથી થતા ઉત્પાદનની આવકનું પ્રમાણ.

| ઉત્પાદન સ્ત્રોત | જમીનના કદ પ્રમાણે ઉત્પાદન કિંમત ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | કુલ ઉત્પાદન ની આવક |
|---|---|---|---|---|
| ખેતી | ૭૧૮૦ | ૨૮૯૨૦ | ૬૧૬૫ | ૪૨૨૬૫ (૮૫.૫) |
| પશુપાલન | ૬૦૦ | ૧૨૯૦ | ૨૬૦ | ૨૧૫૦ (૪.૩) |
| વન્યપેદાશ | ૧૦૬૦ | ૩૩૭૦ | ૬૧૦ | ૫૦૪૦ (૧૦.૨) |
| કુલ ઉત્પાદનની આવક | ૮૮૪૦ | ૩૩૫૮૦ | ૭૦૩૫ | ૪૯૪૫૫ |
| કુટુંબદીઠ આવક | (૨૨૧૦) | (૨૮૦૦) | (૩૫૧૮) | (૧૦૦.૦) |
| ઉત્પાદનનું ખર્ચ | ૨૦૮૦ | ૭૧૮૫ | ૧૮૩૫ | ૧૧૧૦૦ |
| ચોખ્ખી આવક | ૬૭૬૦ | ૨૬૩૯૫ | ૫૨૦૦ | ૩૮૩૫૫ |
| કુટુંબદીઠ ઉત્પાદન ની આવક | ૧૬૯૦ | ૨૨૦૦ | ૨૬૦૦ | ૨૨૫૬ |
| કુલ ઉત્પાદનમાંથી ઘરમાં વાપરેલ | ૬૯૮૦ | ૨૩૬૧૦ | ૫૨૫૫ | ૩૫૮૪૫ (૯૩.૫) |
| વેચેલ | ૧૮૬૦ | ૯૯૭૦ | ૧૭૮૦ | ૧૩૬૧૦ (૬.૫) |

| ઉત્પાદન | જમીનના કદ પ્રમાણે ઉત્પાદન કિંમત | | | |
|---|---|---|---|---|
| | ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૬ | ૫.૧ થી ઉપર | કુલ ઉત્પાદન ની આવક |
| **કુલ આવક :** | | | | |
| ખેતી-પશુપાલન વન્ય પેદાશ | ૮૮૪૦ | ૩૩૫૯૦ | ૭૦૩૫ | ૪૯૪૬૫ |
| મજૂરી | ૮૧૫૦ | ૧૬૨૧૦ | ૩૬૧૦ | ૨૭૯૭૦ |
| ગૃહઉદ્યોગ | ૩૦૦ | - | - | ૩૦૦ |
| નોકરી | ૧૫૬૦૦ | ૮૬૭૫૦ | ૪૮૦૦ | ૧૦૭૧૫૦ |
| અન્ય | - | ૧૫૦૦ | - | ૧૫૦૦ |
| કુલ આવક | ૩૨૮૯૦ | ૧૩૮૦૫૦ | ૧૫૪૪૫ | ૧૮૬૩૮૫ |
| કુટુંબદીઠ આવક | ૮૨૨૩ | ૧૧૫૦૪ | ૭૭૨૩ | ૧૦૯૬૪ |

**કુલ આવક-ખર્ચ અને ચોખ્ખી આવક :**

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલ નમૂનાના કુટુંબોની કુલ આવક ૧૮૬૩૮૫ રૂા. હતી. આ આવક મેળવવા માટે કુલ ૧૬૯૮૦ રૂા. જેટલું ખર્ચ થયું હતું. જેમાં કુલ ખર્ચના ૬૫.૪ ટકા ખર્ચ ખેતી અને પશુપાલન, ૭.૮ ટકા ખર્ચ મજૂરી મેળવવા પાછળ અને ૨૬.૮ ટકા ખર્ચ નોકરીના સ્થળે આવવા-જવાનું તેમજ અન્ય ખર્ચ થયું હતું.

નમૂનાના કુલ કુટુંબોને કુલ આવક મેળવવા પાછળ થયેલ ખર્ચ બાદ કરતાં ચોખ્ખી આવક ૧,૬૯,૪૦૫ રૂા.ની થઈ હતી. કુટુંબદીઠ વાર્ષિક આવક ૯૯૬૫ રૂા. અને કુટુંબદીઠ માસિક આવક ૮૩૦ રૂા.ની હતી. માથાદીઠ વાર્ષિક આવક ૧૫૧૩ રૂા. જેટલી હતી. જયારે માથાદીઠ માસિક આવક રૂા. ૧૨૬ જેટલી થતી હતી.

નમૂનાના કુલ કુટુંબોની જમીનના કદ પ્રમાણે કુલ આવક, કુલ ખર્ચ, અને ચોખ્ખી આવકની વિગતો નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે. કુટુંબદીઠ વાર્ષિક અને માસિક તેમજ માથાદીઠ વાર્ષિક અને માસિક આવક પણ દર્શાવવામાં આવી છે. કોઠાના અભ્યાસથી વિગતે ખ્યાલ આવશે.

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોની કુલ આવક, કુલ ખર્ચ, ચોખ્ખી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો.

| વિગત | જમીનના કદ પ્રમાણે કુટુંબોની આવક-ખર્ચ | | | |
|---|---|---|---|---|
| | ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | કુલ |
| કુલ કુટુંબ | ૪ | ૧૧ | ૨ | ૧૭ |
| કુલ આવક | ૩૨૮૯૦ | ૧૩૮૦૫૦ | ૧૫૪૪૫ | ૧૮૬૩૮૫ |
| કુલ ખર્ચ : | | | | |
| ખેતી-પશુપાલન | ૨૦૮૦ | ૭૯૮૫ | ૧૮૩૫ | ૧૧૯૦૦ (૬૫.૪) |
| મજૂરી | ૧૦૦ | ૧૧૦૦ | ૧૩૦ | ૧૩૩૦ (૭.૮) |
| નોકરી | ૫૦૦ | ૩૬૫૦ | ૪૦૦ | ૪૫૫૦ (૨૬.૮) |
| કુલ ખર્ચ | ૨૬૮૦ | ૧૧૯૩૫ | ૨૩૬૫ | ૧૬૯૮૦ (૧૦૦.૦) |
| કુલ ચોખ્ખી આવક | ૩૦૨૧૦ | ૧૨૬૧૧૫ | ૧૩૦૮૦ | ૧૬૯૪૦૫ |
| કુટુંબદીઠ વાર્ષિક | ૭૫૫૨ | ૧૧૪૬૫ | ૬૫૪૦ | ૯૯૬૫ |
| કુટુંબદીઠ માસિક | ૬૨૯ | ૯૫૫ | ૫૪૫ | ૮૩૦ |
| માથાદીઠ વાર્ષિક | ૧૩૧૩ | ૧૬૫૯ | ૧૦૦૬ | ૧૫૧૩ |
| માથાદીઠ માસિક | ૧૦૯ | ૧૩૮ | ૮૪ | ૧૨૬ |

ઉપરના કોઠામાં નમૂનાના કુટુંબોની કુલ આવક ખર્ચ અને ચોખ્ખી આવક જોયા પછી દરેક કુટુંબોની વપરાશી ખર્ચ અંગેની વિગતો જોઈએ.

નમૂનાના કુટુંબોનું વપરાશી ખર્ચ :

નમૂનાના કુટુંબોની કુલ આવક અને ખર્ચનું પ્રમાણ જોતાં લાગે છે કે જેટલી આવક થાય છે તેટલામાંજ લગભગ પૂરું કરે છે. દરેક કુટુંબ આવકની મર્યાદામાં રહીને જ ખર્ચ કરે છે. દરેક કુટુંબનો વપરાશી ખર્ચની વિગતો જોઈએ તો કુલ વપરાશી ખર્ચ ૧,૧૩,૧૩૦ રૂા. જેટલું હતું. કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૬,૬૫૫, કુટુંબદીઠ માસિક વપરાશી ખર્ચ ૫૫૫ રૂા. જેટલું હતું. માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૧૦૧૦ રૂા. અને માથાદીઠ માસિક વપરાશી ખર્ચ રૂા.૮૪ જેટલુ હતું.

નમૂનાના દરેક કુટુંબોનું વિગતવાર વપરાશી ખર્ચ જોઈએ તો કુલ ખર્ચના ૪૧.૫ ટકા ખર્ચ અનાજ અને કઠોળ પાછળ, ૩.૨ ટકા શાકભાજી પાછળ, ૪.૪ ટકા માંસ-ઈંડાં પાછળ, ૨.૭ ટકા ખર્ચ દૂધ-ઘી પાછળ, ૩.૮ ટકા ખર્ચ ખાંડ અને ગોળ પાછળ, ૫.૩ ટકા ખર્ચ તેલ, ૧.૫ ટકા ખર્ચ ચ્હા-કોફી, ૧.૭ ટકા ખર્ચ ગરમમસાલા, ૪.૫ ટકા ખર્ચ દારૂ, ૨.૩ ટકા ખર્ચ બીડી તમાકુ, ૫.૨ ટકા ખર્ચ બળતણ, ૧.૭ ટકા ખર્ચ કપડાં-પગરખાં, ૦.૩ ટકા ખર્ચ શિક્ષણ, ૧.૭ ટકા ખર્ચ ફળફળાદિ, ૫.૩ ટકા ખર્ચ મુસાફરી, ૨.૧ ટકા ખર્ચ દવાદારુ અને ૧.૫ ટકા ખર્ચ સામાજિક ધાર્મિક પ્રસંગો પાછળ થતું હતું.

નમૂનાના દરેક કુટુંબોને મોટાભાગનો ખર્ચ અનાજ, કઠોળ અને કપડાં પાછળ થતો હતો. આ ઉપરાંત વપરાશી ચીજોમાં દારૂ, બળતણ અને મુસાફરી ખર્ચ દરેકનો લગભગ ૫ ટકાની આસપાસ થતો હતો. શાકભાજી, માંસ-ઈંડાં અને ફળફળાદિ જેવો જરુરિયાતનો ખર્ચ પણ ઠીક પ્રમાણમાં હતો. નમૂનાના કુટુંબોનો શિક્ષણ પાછળનો ખર્ચ માત્ર ૦.૩ ટકા હતો. એટલે કે શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળ્યું હતું. આ રીતે નમૂનાના કુટુંબોને જીવનની ત્રણ મુખ્ય જરુરિયાતો પૈકી અનાજ-કઠોળ અને કપડાં-પગરખાં પાછળ સૌથી વધારે ખર્ચ થતો હતો.

નમૂનાનાં દરેક કુટુંબોની કુલ આવક અને ખર્ચની તુલનામાં ખર્ચનું પ્રમાણ આવક કરતાં ઓછું હતું. નહિવત પ્રમાણમાં બચત રહેવા પામતી હતી, જેની વિગતો વપરાશી ખર્ચના કોઠામાં દર્શાવવામાં આવી છે. વધતી જતી આવકના પરિણામે ખર્ચ પર પણ ઠીક ઠીક પ્રમાણમાં અસર

જોવા મળી હતી. નિર્વાહખર્ચ માટે મોટેભાગે અનાજનો વપરાશ ઘરમાંથીજ કરવામાં આવતો હતો. નિર્વાહખર્ચની જુદી જુદી વપરાશી ચીજવસ્તુઓ પાછળ થતા ખર્ચની વિગતો નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે. કોઠા પરથી દરેક કુટુંબોનું જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવશે.

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વપરાશીખર્ચ -૧૯૮૯

| અ.નં. | વિગત | જમીનનું કદ | | | કુલ ખર્ચ | કુલખર્ચ ના ટકા |
|---|---|---|---|---|---|---|
| | | ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | | |
| ૧. | અનાજ-કઠોળ | ૯૫૦૦ | ૩૨૪૮૦ | ૫૦૦૦ | ૪૬૯૮૦ | ૪૧.૫ |
| ૨. | શાકભાજી | ૬૯૦ | ૨૬૫૦ | ૩૨૦ | ૩૬૬૦ | ૩.૨ |
| ૩. | માંસ-ઈંડા | ૧૦૦૦ | ૩૫૦૦ | ૪૫૦ | ૪૯૫૦ | ૪.૪ |
| ૪. | દૂધ-ઘી | ૬૩૦ | ૨૧૫૦ | ૨૬૦ | ૩૦૪૦ | ૨.૭ |
| ૫. | ખાંડ-ગોળ | ૭૬૦ | ૨૯૬૦ | ૫૬૦ | ૪૨૮૦ | ૩.૮ |
| ૬. | તેલ | ૧૧૮૦ | ૪૨૯૦ | ૫૦૫ | ૫૯૭૫ | ૫.૩ |
| ૭. | ચા-કોફી | ૨૯૦ | ૧૧૬૦ | ૨૦૦ | ૧૬૫૦ | ૧.૫ |
| ૮. | ગરમમસાલા | ૩૮૦ | ૧૨૯૫ | ૧૯૦ | ૧૮૬૫ | ૧.૭ |
| ૯. | દારુ | ૧૧૧૦ | ૩૪૫૦ | ૫૦૦ | ૫૦૬૦ | ૪.૫ |
| ૧૦. | બીડી-તમાકુ | ૪૭૦ | ૧૮૪૫ | ૨૬૦ | ૨૫૭૫ | ૨.૩ |
| ૧૧. | બળતણ | ૧૨૫૦ | ૪૦૨૦ | ૬૫૦ | ૫૯૨૦ | ૫.૨ |
| ૧૨. | ફળફળાદિ | ૩૦૦ | ૧૪૨૦ | ૧૯૦ | ૧૯૧૦ | ૧.૭ |
| ૧૩. | મુસાફરી | ૧૧૧૦ | ૪૨૮૦ | ૬૬૦ | ૬૦૫૦ | ૫.૩ |
| ૧૪. | કપડાં-પગરખાં | ૩૦૫૦ | ૧૦૦૬૦ | ૧૬૪૦ | ૧૪૭૫૦ | ૧૩.૦ |
| ૧૫. | શિક્ષણ | - | ૩૩૦ | ૪૦ | ૩૭૦ | ૦.૩ |
| ૧૬. | દવાદારુ | ૪૮૦ | ૧૬૭૦ | ૨૫૦ | ૨૪૦૦ | ૨.૧ |
| ૧૭. | સામાજિક ધાર્મિક | ૩૨૦ | ૧૧૭૫ | ૨૦૦ | ૧૬૯૫ | ૧.૫ |
| | કુલ ખર્ચ | ૨૨૫૨૦ | ૭૮૭૩૫ | ૧૧૮૭૫ | ૧૧૩૧૩૦ | (૧૦૦.૦) |

..૬૦..

| અ.નં. | વિગત | જમીનનું કદે<br>૦ થી<br>૨.૫ | ૨.૬ થી<br>૫.૦ | ૫.૧ થી<br>ઉપર | કુલખર્ચ | કુલખર્ચ<br>ટકા |
|---|---|---|---|---|---|---|
| | કુટુંબદીઠ<br>વાર્ષિક | ૫૬૩૦ | ૭૧૫૮ | ૫૯૩૮ | ૬૬૫૫ | |
| | કુટુંબદીઠ<br>માસિક | ૪૬૯ | ૫૯૭ | ૪૯૫ | ૫૫૫ | |
| | માથાદીઠ<br>વાર્ષિક | ૯૭૯ | ૧૦૩૬ | ૯૧૩ | ૧૦૧૦ | |
| | માથાદીઠ<br>માસિક | ૯૨ | ૮૬ | ૭૬ | ૮૪ | |

ઉપરના કોઠામાં નિર્વાહ ખર્ચની વિગતવાર નોંધ જોયા પછી આવક ખર્ચની તુલનાત્મક સ્થિતિ જોઈએ.

<u>કુટુંબદીઠ આવક/વપરાશીખર્ચની તુલના</u>

| વિગત | કુલ આવક | કુલ વપરાશી ખર્ચ |
|---|---|---|
| કુલ કુટુંબ | ૧૭ | ૧૭ |
| કુલ આવક | ૧૬૯૪૦૫ | ૧૧૩૧૩૦ |
| કુટુંબદીઠ વાર્ષિક | ૯૯૬૫ | ૬૬૫૫ |
| કુટુંબદીઠ માસિક | ૮૩૦ | ૫૫૫ |
| માથાદીઠ વાર્ષિક | ૧૫૧૩ | ૧૦૧૦ |
| માથાદીઠ માસિક | ૧૨૬ | ૮૪ |

ઉપરનો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે નમૂનાના કુલ ૧૭ કુટુંબોની કુલ આવક ૧૬૯૪૦૫ હતી. જયારે કુલ વપરાશી ખર્ચ

૧૧૩૧૩૦ રૂા. હતું. કુટુંબદીઠ વાર્ષિક આવક ૯૯૬૫ રૂા. હતી. જયારે કુટુંબદીઠ વપરાશી ખર્ચ ૬૬૫૫ રૂા. હતું. કુટુંબદીઠ માસિક આવક રૂા.૮૩૦ જેટલી થતી હતી જયારે માસિક ખર્ચ ૫૫૫ રૂા. જેટલું થતું હતું. એ રીતે માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ૧૫૧૩ રૂા.ની હતી. જયારે માથાદીઠ વાર્ષિક ખર્ચ ૧૦૧૦ રૂા. જેટલું હતું. અને માથાદીઠ માસિક આવક ૧૨૬ રૂા. જેટલી હતી. જયારે ખર્ચ ૮૪રૂા. જેટલું હતું. એટલે કે દરેક કુટુંબ ગરીબાઈની રેખાની સમકક્ષ જીવન નિભાવતું હતું.

ઉપરના કોઠાઓમાં આવક-ખર્ચ અને વપરાશી ખર્ચની દ્રષ્ટિએ જોતાં નમૂનાના દરેક કુટુંબોને થોડીઘણી બચત રહેવા પામતી. ઘણીવાર આવકની સરખામણીએ વધુ ખર્ચ પણ કરવો પડતો હતો. ખાસ કરીને આકસ્મિક ખર્ચા અને સામાજિક પ્રસંગોએ એકી સાથે મોટી રકમ કાઢવાની થતી હોવાથી દેવું કરવું પડતું હતું. નમૂનાના દરેક કુટુંબો પાસેથી તેમણે કરેલા દેવાઓની વિગતો પણ ચકાસી હતી. જેની વિગતવાર નોંધ જમીનધારણના કદ પ્રમાણે દેવા વિષયક માહિતી દર્શાવતા કોઠામાં દર્શાવી છે.

<u>દેવું</u> :

નમૂનાના કુલ કુટુંબોમાંથી ૨૯.૪ ટકા કુટુંબોને દેવું હતું. જેમનું કુલ દેવું ૧૦૯૯૦ રૂા. જેટલુ હતું. દેવાદાર કુટુંબદીઠ દેવું ૨૧૯૮ રૂા. જેટલું હતું. દેવું કરનાર દરેક કુટુંબે કુલ દેવાની ૬.૩ ટકા રકમ શાહુકાર પાસેથી, ૭.૩ ટકા સરકારી મંડળીઓમાંથી અને ૮૬.૪ ટકા જેટલી રકમ સગાસંબંધી અને પોતાની નોકરીના સ્થળેથી મેળવી હતી.

<u>હેતુવાર દેવું</u> :

નમૂનાના દરેક દેવાદાર કુટુંબોએ ૬.૩ ટકા દેવું ઘરખર્ચ પાછળ, ૮૬.૪ ટકા દેવું સામાજિક ખર્ચ માટે અને ૭.૩ ટકા દેવું ખેતી ખર્ચ માટે કર્યું હતું. કુલ દેવું અને હેતુવાર દેવાની માહિતી જમીનના કદપ્રમાણે નીચેના કોઠામાં દર્શાવી છે.

..૬૨.

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોની દેવા વિષયક માહિતી દર્શાવતો કોઠો.

| વિગત | જમીનના કદ પ્રમાણે સ્થિતિ | | | | |
|---|---|---|---|---|---|
| | ૦ થી ૨.૫ | ૨.૬થી ૫.૦ | ૫.૧થી ઉપર | કુલ | ટકા |
| કુલ કુટુંબો | ૪ | ૧૧ | ૨ | ૧૭ | ૧૦૦.૦ |
| દેવાદાર કુટુંબ | ૨ | ૩ | - | ૫ | ૨૯.૪ |
| કુલ દેવું | ૪૯૦ | ૧૦૫૦૦ | - | ૧૦૯૯૦ | (૧૦૦.૦) |
| શાહુકાર/ વેપારી | ૪૯૦ | ૨૦૦ | - | ૬૯૦ | ( ૬.૩) |
| સહકારી મંડળી | - | ૮૦૦ | - | ૮૦૦ | ( ૭.૩) |
| અન્ય | - | ૯૫૦૦ | - | ૯૫૦૦ | (૮૬.૪) |
| **હેતુવાર દેવું :** | | | | | |
| ઘરખર્ચ | ૪૯૦ | ૨૦૦ | - | ૬૯૦ | (૬.૩) |
| સામાજિક | - | ૯૫૦૦ | - | ૯૫૦૦ | (૮૬.૪) |
| ખેતીખર્ચ | - | ૮૦૦ | - | ૮૦૦ | ( ૭.૩) |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા કુલ કુટુંબોમાંથી માત્ર ૨ કુટુંબોએ ઘરખર્ચ માટે શાહુકાર/વેપારી પાસેથી રોકડ સ્વરુપ અને અનાજના સ્વરૂપમાં દેવું કરવું પડતું હતું. જ્યારે ૨.૬ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા કુલ કુટુંબોમાંથી ૩ કુટુંબોએ સામાજિક, ઘરખર્ચ અને ખેતીખર્ચ માટે દેવું કર્યું હતું. જો કે દેવાદાર કુટુંબોનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. ઉપર મુજબ દેવા વિષયક માહિતીની વિગતો જોયા પછી હવે નમૂનાના કુટુંબોએ કરેલ મૂડીરોકાણ ઓની વિગતો જોઇએ.

મૂડીરોકાણ :

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોએ કરેલ
મૂડીરોકાણની માહિતી દશાવતો કોઠો
૧૯૮૯

| વિગત | જમીનનું કદ | | | | |
|---|---|---|---|---|---|
| | ૦ થી ૨.૫ | ૨.૬થી ૫.૦ | ૫.૧થી ઉપર | કુલ રોકાણ | ટકા |
| કુલ કુટુંબ | ૪ | ૧૧ | ૨ | ૧૭ | (૧૦૦.૦) |
| મૂડીરોકાણ કરનાર કુટુંબ | - | ૩ | - | ૩ | (૧૭.૬) |
| કુલમૂડી રોકાણ | - | ૧૬૫૦૦ | - | ૧૬૫૦૦ | (૧૦૦.૦) |
| નવામકાનનું બાંધકામ | - | ૭૦૦૦ | - | ૭૦૦૦ | ૪૨.૪ |
| સામાજીક ખર્ચ | - | ૯૫૦૦ | - | ૯૫૦૦ | ૫૭.૬ |
| મૂડીરોકાણના સ્ત્રોત : | | | | | |
| સ્વબંચત | - | ૭૦૦૦ | - | ૭૦૦૦ | |
| ગ્રામીણ બેંક | - | ૯૫૦૦ | - | ૯૫૦૦ | |

ઉપરના કોઠામાં દશાવેલ વિગતો જોતાં નમૂનાના કુટુંબોએ છેલ્લા દસ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણનો ખ્યાલ આવશે. છેલ્લા દાયકામાં માત્ર ત્રણ કુટુંબોએ કુલ ૧૬૫૦૦ રૂ. જેટલું મૂડીરોકાણ કર્યું હતું. જેમાંથી મોટાભાગનું રોકાણ સામાજિક ખર્ચાઓ પાછળ થયું હતું. જયારે નવા મકાન કે અસ્કયામત રુપે જો રોકાણ કર્યું હોય તેનું પ્રમાણ માત્ર ૪૨.૪ ટકા હતું.

મૂડીરોકાણ કરનાર કુટુંબોએ સ્વબંચત અને ગ્રામીણ બેંક દ્વારા મૂડીરોકાણ કરવા માટેની રોકડ રકમ મેળવી હતી. જે ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે.

**અસ્કયામત :**

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબો પાસેની અસ્કયામતની કિંમત દર્શાવતો કોઠો.

| અસ્કયામતની વિગત | જમીનનું કદ ૦ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ઉપર | કુલ અસ્કયામત |
|---|---|---|---|---|
| મકાનની કિંમત | ૧૩૫૦૦ | ૭૧૫૦૦ | ૧૭૦૦૦ | ૧૦૨૦૦૦ |
| જમીનની કિંમત | ૫૭૦૦૦ | ૨૩૪૦૦ | ૮૮૦૦૦ | ૧૬૮૪૦૦ |
| ઝાડની કિંમત | ૫૪૦૦ | ૧૨૧૫૦ | – | ૧૭૫૫૦ |
| પશુધનની કિંમત | ૮૦૫૦ | ૧૮૭૧૦ | ૨૯૭૫ | ૨૯૭૩૫ |
| માલિકીના ઓજારો | ૧૭૫૫ | ૧૭૯૫ | ૩૫૦ | ૩૯૦૦ |
| વાસણો | ૨૬૨૦ | ૮૭૨૦ | ૧૬૧૫ | ૧૨૯૫૫ |
| ફર્નિચર | ૪૩૦ | ૪૯૧૫ | ૨૭૬૫ | ૮૦૧૦ |
| ઘરેણાં | ૫૦૦ | ૬૨૫૦ | ૮૦૦ | ૭૫૫૦ |
| શેર અનામત | – | ૧૦ | – | ૧૦ |
| કુલ અસ્કયામત | ૮૯૨૫૫ | ૧૪૭૩૫૦ | ૧૧૩૫૦૫ | ૩૫૦૧૧૦ |
| કુલ અસ્કયામતના ટકા | ૨૫.૫ | ૪૨.૧ | ૩૨.૪ | ૧૦૦.૦ |
| કુટુંબદીઠ સરેરાશ | ૨૨૩૧૪ | ૧૩૩૯૫ | ૫૬૭૫૨ | ૨૦૫૯૫ |

નમૂનાના કુટુંબોની અસ્કયામતની વિગતો ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ જોઈએ તો અસ્કયામતના સાધનોમાં મકાન, જમીન, ઝાડ અને માલિકીના સાધનો પશુધન તેમજ વપરાશના વાસણો અને ફર્નિચરની કિંમત જોતાં કુલ ૩૫૦૧૧૦ રૂ.ની અસ્કયામત હતી. કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ ૨૦૫૯૫ રૂ. જેટલું હતું. એક દ્રષ્ટિએ જોતાં સરેરાશ અસ્કયામતનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. અસ્કયામતોના સાધન સ્વરૂપમાં જમીન અને મકાન મુખ્ય હતાં. જ્યારે પશુધન અને ઘરવખરીનું પ્રમાણ ઠીક ઠીક હતું.

ઉપર મુજબ પ્રસ્તુત પ્રકરણમાં વારલીઓની યથાસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર રજૂ થાય છે. વારલીઓની પરિસ્થિતિ મુખ્ય આદિવાસી જાતિઓમાં ધોડિયા, ચૌધરી, પટેલિયા, ગામીત, કુકણા જાતિ કરતા ઉતરતી કક્ષાની હતી. જ્યારે બાકીની જાતિઓ કરતા કંઈક અંશે ઠીક કહી શકાય. આ પ્રકરણમાં મલાવગામના વારલીઓની યથાસ્થિતિનો ખ્યાલ મેળવ્યા પછી હવે ૧૯૭૯ થી ૧૯૮૯ના સમયગાળામાં આવેલા પરિવર્તનો વિષે જોઈશું.

## પ્રકરણ – ૬

## વારલીજાતિમાં દેખાતાં પરિવર્તનો અને સુચનો

આગળના પ્રકરણમાં ૧૯૮૯ની સ્થિતિનું ચિત્ર બતાવવામાં આવ્યું છે. જે જોતાં ૧૯૭૯ની યથાસ્થિતિ સાથે તુલના કરતાં જે પરિવર્તનો દેખાયાં છે તેને અહી રજૂ કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે. બન્ને વર્ષોની તુલનાત્મક સ્થિતિને આધારે આર્થિક ક્ષેત્રે જે મહત્વનાં પરિવર્તન દેખાયાં છે અને તેની અસર અન્ય પાસાં પર પણ પડી છે જે તે અહીં ચિત્રીત કરવામાં આવેલ છે.

**ગામ :**

અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ 'મલા' ગામની આસપાસ જે જંગલવિસ્તાર હતો તે જંગલો ઉત્તરોત્તર કપાતાં જંગલોનો આશ્રય ઓછો થતો ગયો છે. આ વિસ્તારમાં ૧૯૭૦ પછી જંગલો વધુ પ્રમાણમાં કપાતાં ગયાં અને ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઉમરગામ તાલુકાનો વિકાસ ઝડપથી વધી રહયો છે. જે પરિસ્થિતિ ૧૯૭૯માં હતી તેના કરતાં પણ વધુ વિસ્તારો ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઊભા થતા રહયા છે. આજે ઘણો મોટોભાગ ઔદ્યોગિક વિસ્તાર નીચે છે. જે તે પરિણામે રસ્તાઓની સુવિધાઓ પણ પ્રમાણમાં ઘણી વધી ગઈ છે. જેને કારણે આ વિસ્તારના આદિવાસીઓને ઔદ્યોગિક મજૂરીની તકો ઊભી થતી ગઈ છે.

૧૯૮૯માં ૩૩ વારલી કુટુંબો અને ૯ ધોડિયા કુટુંબોનો સંપર્ક ૧૯૭૦માં પસંદ કરવામાં આવેલ વારલીનાં ૪૬ અને ધોડિયાના ૧૧ કુટુંબો-માંથી સંપર્ક કરી શકાયો હતો. કારણકે પસંદ થયેલ કુટુંબોના વડા હયાત નહોતા તેમના મૃત્યુને કારણે તે કુટુંબો ૧૯૮૯માં છોડી દઈ લેવામાં આવ્યા હતા તેજ કુટુંબોનો સંપર્ક ૧૯૮૯માં સાધતાં કુટુંબના વડા હયાત હોય તેમાં વારલીનાં ૧૭ કુટુંબો અને ધોડિયાનાં ૭ કુટુંબો હતાં. જેઓની વ્યક્તિગત મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી હતી. એટલે કે ૧૯૭૦ના પ્રમાણમાં ૩૩ની જગ્યાએ ફકત ૧૭ વારલી કુટુંબોના વડાઓ હયાત હતા, કે જેમનો સંપર્ક સાધી શકાયો હતો.

ત્યાં અને બહાર પણ જાય છે. જેમાં ખાસ કરીને ઘાસ કાપવાથી જે બહુ ઓછો સમય મળે છે તેમાં પણ દબાણો દ્વારા શોષણના ભોગ બને છે.

પશુપાલનના ક્ષેત્રે જે વિકાસ થવો જોઈએ તે થઈ શક્યો નથી. કારણકે પશુઓ તેમના ઘેર સારી માવજત કે સારું ઘાસ પામતા નથી. પરંપરાગત માળખામાં પશુઓને રાખવામાં આવતાં હોવાથી તે પુરતું દૂધ આપી શકતાં નથી. તેમજ આ દૂધને શહેરો સુધી પહોંચાડવાની વ્યવસ્થા હજુ પુરતા પ્રમાણમાં ઊભી થઈ શકી નથી.

ઔદ્યોગિક વિસ્તારોને કારણે અહીંના આદિવાસીઓના શિક્ષણ ઉપર બહુ મોટી અસર પડી છે. શિક્ષણનું પ્રમાણ વધવુ જોઈએ તેની જગ્યાએ ઘટી રહયુ છે. કારણકે નાનાં બાળકો જે નિશાળમાં જતાં હોય છે તે નિશાળ છોડીને કારખાનામાં મજૂરી કરવા ચાલ્યાં જાય છે. જેને પરિણામે આ બાળકો દિવસના પાંચ દસ રુપિયા મજૂરી કરીને લઈ આવે જેને કારણે માતાપિતા પણ તેને ભણાવવા ઈચ્છતા નથી. ભણવા જનાર બાળકનો કેટલા વર્ષે કમાતો થાય તેનું કંઈ નક્કી નહીં અને આતો અત્યારથીજ દરરોજના પાંચ–દસ રુપિયા લઈ આવી કુટુંબને મદદગાર બને છે. જેને પરિણામે અત્યારના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ઘટતું જ દેખાય છે.

આખો વિસ્તાર વાહનવહેવારથી જોડાવા માંડયો છે. તેમાંય પાકારોડ મલાવની લગભગ ત્રણેબાજુથી પસાર થાય છે. જેને પરિણામે ભીલાડ, સંજાણ, ઉમરગામ ઝડપથી જઈ આવી શકે છે. એકબાજુ રાષ્ટ્રિય ધોરીમાર્ગ નં.૮ પસાર થાય છે. આ બધી સુવિધાઓને કારણે એની રહનસહનમાં ચોકસ ફેરફારો દેખાય છે. નવી નવી ભૌતિક વસ્તુઓ ઘરમાં દેખાય છે, એટલે કે બાહય વસ્તુઓનો પગપેસારો વધવા માંડયો છે. સાથે સાથે આ ઔદ્યોગિક વિસ્તારના વિકાસને કારણે અનેક પ્રકારના બહારના સમાજના વ્યક્તિઓની અવરજવર વધી છે. આદિવાસીઓનો સંપર્ક તેમની સાથે વધ્યો છે. સાથે સાથે બહારના જગતની ચમક-દમક દેખી અંજાઈ જાય છે. જેને પરિણામે તેમનામાં લઘુતાગ્રંથી મજબૂત થતી જાય છે. અને અનેક પ્રકારના શોષણો પણ વધવા માંડયાં છે. સ્ત્રીઓના શોષણ પણ પ્રમાણમાં થતાં રહયાં છે.

આ રીતે આ સમગ્ર સંશોધનને ૧૯૭૦, ૧૯૭૯ અને ૧૯૮૯ના સમયગાળામાં જોતાં ક્રમે ક્રમે કેટલીક બાબતોમાં પરિવર્તનો દેખાય છે જયારે મૂળભૂત રીતે કેટલીક બાબતો એવી છે કે એનો લાભ મળવો જોઈએ તેટલો મળી શક્યો નથી. તેમજ તેમની આર્થિક સ્થિતિ સુધરવી જોઈએ તે સુધરી શકી નથી. આજે પણ મોટાભાગનાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવે છે. એજ કંગાળ પરિસ્થિતિમાં જીવન વિતાવે છે. તેમના ઘરો પણ હજુ એજ જાતના દેખાય છે જે દશ-વીસ વર્ષ પહેલાં હતાં, તેમના સામાજિક રીતરિવાજો પણ એજ પરંપરામાં આજે દેખાય છે. એટલે કે આટલા વર્ષો બાદ પણ ગરીબી નાબૂદ થઈ શકી નથી કે તેમાં ઝાઝો ફર્ક દેખાતો નથી, ઉપરથી બિનઆદિવાસી સમાજનો સંપર્ક વધતો રહયો ઔદ્યોગિકરણ થતું રહયું જેને પરિણામે અહીંના આદિવાસીઓ સરળ જીવન-વ્યવહારને બદલે જટિલ જીવન વ્યવહાર તરફ જતા જાય છે. અને સમસ્યાઓ દિનપ્રતિદિન વધતી ગઈ હોય તેવું દેખાય છે. તે કદાચ નવા સ્વરુપે નવી સમસ્યાઓના સ્વરુપે આવી હશે પણ જે ગણો તે આજ છે દેખાતુ પરિવર્તન.

**સૂચનો :**

(૧) જમીનોની ધારણ શક્તિ કુટુંબદીઠ બહુ ઓછી છે અને તેમાં પણ ફેરફારો થતા રહે છે, અને ગેરકાનુની જમીનોની ફેરબદલી થયા કરે છે તો તેને રોકવી જોઈએ, અને બિનઆદિવાસીઓ ગામમાં નહીં હોવા છતાં તેમના નામે જે જમીનો છે તે જમીનો ગણોતે ખેડતા હોય તેવા કુટુંબોને આપી શકાય.

(૨) જમીનોને સરખી કરી સિંચાઈની વ્યવસ્થા ચેકડેમ દ્વારા ઉભી કરી શકાય તેવી શક્યતાઓ છે. જેથી કૂવાના પાણી સંગ્રહી શકાય અને પાણીનું તળ ઉંચુ લાવી શકાય જેનો ઉપયોગ ખેતી માટે કરી શકયા.

(૩) ખેતી માટે માત્ર કુદરતી આધાર છે તો સિંચાઈનાં સાધનો ઉભાં કરી, સુધારેલ બિયારણ, ખાતરો અને ઓજારોનો પ્રચાર અને પ્રસાર કરી તેનો લાભ લેતા કરવા જોઈએ.

(૪) બાગાયતી ખેતી તરફ વાળવા જોઈએ. કારણ કે આ જમીન ફળઝાડોને માફક આવશે તો ચીકુ, આંબા, નાળિયેરી વગેરે ફળાઉ ઝાડો તેમના ધ્વારા વવડાવી તે તરફ વાળવા જોઈએ. આ ઉપરાંત મુંબઈ અને વલસાડનું બજાર તેમના માટે હોવાથી શાકભાજી પણ જો વ્યવસ્થિત કરવામાં આવે તો ઘણી સારી આવકો પ્રાપ્ત કરી શકે.

(૫) અન્ય પુરક આવકો માટે પશુપાલન તરફ વાળવા જોઈએ. વારલીઓ પશુઓ રાખે છે. તો તે પશુઓની સ્થાનિક જાતો સાથે શંકર પધ્ધતિથી ઓલાદ સુધારી દૂધની આવકો લેતા થાય તેવું કરવું જોઈએ. તેમા પણ ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી કરી ગામમાં જ દૂધ લેવાની વ્યવસ્થા થાય અને તે દૂધ બજાર સુધી મંડળી ધ્વારા પહોંચાડવાની વ્યવસ્થા કરી શકાય તો પશુપાલન ધ્વારા સારી આવકો પ્રાપ્ત કરી શકવાની શકયતાઓ દેખાય છે.

(૬) ધાસ કાપવાની મજૂરોમાં મોટા ભાગનાં કુટુંબો જાય છે. જેમાં ખાનગી કોન્ટ્રાકટરો વચ્ચે દલાલો રુપે શોષણ કરે છે તો મજૂરોની સહકારી મંડળી ધ્વારા વહીવટ થાય તો યોગ્ય મજૂરી તેમને મળે કે સરકાર ધ્વારા ધાસ કાપવા માટેની વ્યવસ્થા થાય તો તેના યોગ્ય દરો તેમને મળે.

(૭) અનેક પ્રકારના ઔદ્યોગિક કારખાનાને કારણે જે મજૂરો જાય છે તેમને કાયમી લાભો આપવામાં આવતા નથી. તેમજ મજૂરી ખૂબ ઓછી ચૂકવાય છે તો તેમને કાયમીના લાભો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૮) યુવાન છોકરાઓને દરજીકામ, સુથારીકામ, લાઈટફીટીંગ, મોટર મીકેનીક વગેરે ધંધાઓની તાલીમ આપી સાધનો પુરાં પાડવામાં આવે તો તાલીમ લીધેલ વ્યકિતઓ સ્થિર થઈ શકે.

(૯) દસ વર્ષના ગાળામા શિક્ષણ વધી શકયુ નથી તો શિક્ષણ લેતા થાય તેની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવવી આવશ્યક બની જાય છે. નિયમિત હાજરી રહે તેવા સઘન પ્રયત્નો કરવા જોઈએ, અને નિશાળ તરફ બાળકો આકર્ષાય તે માટેના સતત પ્રયત્નો જરુરી બને છે. બાલવાડી પણ શરૂ કરવી જોઈએ.